# ન્યૂઝ લાઈન સીધા સમાચાર

E-mail : newslinesidhasamachar@yahoo.co.in www.newslinesidhasamachar.com

RNI NO.: 63875/96

ન્યૂઝ લાઈન સીધાસમાચાર દૈનિકમાં સમાચાર, પ્રેસનોટ અને જાહેરાત આપવા સંપર્ક કરો તેમજ આપનાં વિસ્તારના પ્રશ્નો અને ફરિયાદ માટે ઈ-મેઈલ કરો
E-mail : newslinesidhasamachar@yahoo.co.in sidhasamachar@gmail.com

VOL : 20, No. 261 તા. ૧૩ ઓક્ટોબર - ૨૦૧૮, શનિવાર, વિ.સ.-૨૦૭૪, આસો સુદ - ૪ પાના - ૪ - કિંમત : ૧-૦૦ રૂા., તંત્રી : નિશાબેન સુરેન્દ્રસિંહ રાજપૂત, એફ-૪,વિશાલ કોમર્શિયલ સેન્ટર,દિનેશ હોલ પાસે, ઈન્કમટેક્ષ, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯, Ph.-26585115,Fax-26585117


# જાતિય શોષણ અંગે મી ટુ મામલાની તપાસ માટે આખરે કમિટિ બની

નવીદિલ્હી, તા. ૧૨

જાતિય સતામણીને લઈને ગંભીર પ્રકારના આક્ષેપો સપાટી ઉપર આવી રહ્યા છે. બોલીવુડની અભિનેત્રી તનુશ્રી દત્તાએ જાતિય સતામણી અને શોષણના આરોપ કરીને ખળભળાટ મચાવી દીધા બાદ આને લઈને દેશભરમાં છેડાઈ ગયેલી ચર્ચા વચ્ચે જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરતી મહિલાઓ પણ શોષણને લઈને આગળ આવી છે અને મી ટુ અભિયાન હેઠળ પોતાની સાથે થયેલા અનુભવની વાત કરી ચુકી છે. આના કારણે હચમચી ઉઠેલી કેન્દ્ર સરકારે હવે મી ટુ મામલાની તપાસ માટે ચાર સભ્યોની કમિટિ બનાવી છે. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસમંત્રી મેનકા ગાંધીએ આજે આ મુજબની વાત કરી હતી. મેનકા ગાંધીએ કહ્યું હતું કે, નિવૃત્ત જજના નેતૃત્વમાં એક કમિટિની રચના કરવામાં આવશે જે મી ટુ હેઠળ આવનાર મામલાઓમાં તપાસ કરશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, તેઓ એવી દરેક ફરિયાદની પાછળની પીડા ઉપર વિશ્વાસ કરે છે અને એવા તમામ મામલાઓ ઉપર વિશ્વાસ કરે છે. એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું કે, મી ટુ અભિયાન હેઠળ આવનાર તમામ મામલાની તપાસ માટે એક કમિટિનો પ્રસ્તાવ આપ્યો છે જેમાં સિનિયર ન્યાયિક અધિકારી અને કાયદાના નિષ્ણાત લોકો સામેલ કરાશે. જાતિય સતામણી અને શોષણની ફરિયાદોનો ઉકેલ લાવવા માટે તમામ તરીકા અને તેની સાથે જોડાયેલા કાયદાકીય પાસા, કાયદાકીય જોગવાઈઓ અને સંસ્થાગત ફ્રેમવર્ક તૈયાર કરવામાં આ[illegible] મદદ કરશે. હાલમાં અનેક મહિલાઓ મી ટુ અભિયાન હેઠળ સોશિયલ મિડિયા ઉપર પોતાની સાથે થયેલા ખરાબ વર્તન અંગે લખી રહી છે. આ પહેલા મેનકા ગાંધીએ કહ્યું હતું કે, કોઈની પણ સામે મુકવામાં આવેલા જાતિય શોષણના આરોપોને ગંભીરતા સાથે લેવા જોઈએ. મેનકા ગાંધીએ આ બાબત તેઓએ એ વખતે કરી છે ત્યારે કેન્દ્રીયમંત્રી એમજે અકબર ઉપર મુકવામાં આવેલા આક્ષેપો અંગે પ્રશ્નો કરવામાં આવ્યા હતા. ગાંધીએ કહ્યું હતું કે, તાકાતવર હોવા છતાં પુરુષ સામાન્યરીતે આ પ્રકારનું વર્તન કરે છે. મિડિયાની સાથે રાજનીતિ અને પ્રાઈવેટ કંપનીઓ ઉપર પણ આ બાબત લાગૂ થાય છે. જ્યારે મહિલાઓ આ વિષય ઉપર પોતાના અવાજને રજૂ કરવા લાગી છે ત્યારે આરોપોને ગંભીરતાપૂર્વક લેવા જોઈએ.બીજી બાજુ ભાજપમાં મી ટુ અભિયાન હેઠળ સમર્થન વધી રહ્યું છે. મેનકા ગાંધી બાદ પોતાના નિવેદનોના કારણે વિવાદમાં રહેનાર ભાજપના નેતા અને રાજ્યસભાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ આ અભિયાન પ્રત્યે સમર્થન આપ્યું છે. સ્વામીએ જ્યારે એમજે અકબરને લઈને પ્રશ્નો કર્યા ત્યારે કહ્યું હતું કે, તેમના ઉપર આરોપ મુકનાર કોઈ એક મહિલા નહીં બલ્કે અનેક મહિલાઓ આક્ષેપ કરી ચુકી છે. તેઓ પહેલા પણ કહી ચુક્યા છે કે, મી ટુ અભિયાનને તેઓ સમર્થન આપે છે. મહિલાઓ લાંબા સમય બાદ જો સપાટી ઉપર આવી રહી છે તો તેમાં કોઈ ખામી છે તેમ તેઓ માનતા નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ સંદર્ભમાં પોતાનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ. મી ટુને લઈને હાલમાં જોરદાર ચર્ચા છેડાઈ ગઈ છે. બોલીવુડની અભિનેત્રી તનુશ્રી દત્તાએ નાના પાટેકર સામે જાતિય સતામણીના આક્ષેપ કર્યા બાદ આની શરૂઆત થઈ હતી. ત્યારબાદ બોલીવુડમાં ઘણા લોકોએ તનુશ્રીને ટેકો આપ્યો હતો જ્યારે ઘણા લોકોએ તનુશ્રીનો વિરોધ કર્યો હતો. બોલીવુડની સાહસી અભિનેત્રી કંગના રાણાવતે પણ તેની સાથે ખરાબ વર્તન થયું હોવાની વાત કરી છે. કંગના કહી ચુકી છે કે, વિકાસ બહલ તેની સાથે વારંવાર ખરાબ વર્તન કરતા રહ્યા છે અને અશ્લિલ ભાષાનો ઉપયોગ પણ કરી ચુક્યા છે.

## વિવિધ ક્ષેત્રોની અનેક ટોપની હસ્તીઓ સામે જાતિય શોષણ અને અત્યાચારના આક્ષેપ બાદ કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા કમિટિ બનાવાઈ

# યુએસમાં માઈકલ વાવાઝોડાંમાં ભારે વરસાદથી ૭ લોકોનાં મોત, ૨૮૦ ગુમ





વોશિંગ્ટન,તા.૧૨

અમેરિકાના ફ્લોરિડામાં ત્રાટકેલાં માઈકલ વાવાઝોડાંમાં અત્યાર સુધી સાત લોકોનાં મોત થયા છે અને અનેક મકાનો, સડકો પૂરના પાણીમાં ડૂબી ગયા છે. મેક્સિકો કોસ્ટમાં આ વાવાઝોડાંના કારણે અનેક વૃક્ષો અને વીજળીના થાંભલાઓ ઉખડી ગયા છે. જે સમયે માઈકલ ત્રાટક્યું, ત્યારે તે કેટેગરી-૪માં હતું. જે બાદમાં કેટેગરી-૧માં ફેરવાઈ ગયું હતું.

ફ્લોરિડાના અધિકારીઓએ કહ્યું કે, માઈકલના કારણે ૨૫૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. કાઉન્ટીના નોર્થ પેનહેન્ડલ વિસ્તારમાં અંદાજિત એક દાયકામાં આવેલું સૌથી શક્તિશાળી વાવાઝોડું છે.તેમણે કહ્યું હતું કે સ્થાનિક સમયાનુસાર રાત્રે આઠ વાગ્યે માઈકલ કમજોર થઈને કેટેગરી-૧માં ફેરવાઈ ગયું છે અને આ દરમિયાન ૯૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. મેક્સિકોની સામે આવેલી તસવીરો અને વીડિયોમાં તબાહીનાં દ્રશ્યો જોવા મળી રહ્યા છે, જ્યાં પાણીથી ભરેલી સડકો પર ઘર તરતા અને કેટલાંક ઘરો પાયમાંથી જ ઉખડી ગયા હતા. જ્યારે કેટલીક મકાનોની છત ઉખડી ગઈ હતી. સડકો પર કાટમાળનો ઢગ તરતો જોવા મળ્યો.

તેમણે કહ્યું હતું કે માઈકલ વાવાઝોડાંના કારણે ફ્લોરિડામાં અત્યાર સુધી સાત લોકોનાં મોત થયા છે. જેમાં ૧૧ વર્ષની બાળકીનો પણ સમાવેશ થાય છે અને દરિયામાં ૧૪ ફૂટ ઊંચા મોજા ઉછળ્યા હતા. જેના કારણે દરિયાકાંઠાના મકાનોમાં પાણી ભરાઈ ગયા હતા. ફ્લોરિડા ઓથોરિટી અનુસાર, વાવાઝોડાંમાં ૩,૫૦૦ લોકોનાં ૧,૦૦૦ મકાનો ધરમૂળથી પડી ભાંગ્યા છે.

માઈકલ સૌથી પહેલાં મેક્સિકો બીચ પર ત્રાટક્યું હતું. જેના કારણે ટૂરિસ્ટ ટાઉન પેનહેન્ડલમાં સૌથી વધુ નુકસાન થયું છે. વાવાઝોડાંમાં રસ્તાઓ ખરાબ થઈ ગયા છે. વૃક્ષો પડી ગયા હતા અને બીચફ્રન્ટ પર આવેલી તમામ બિલ્ડિંગ્સના કાટમાળ પાણીમાં તરતા જોવા મળ્યા હતા.

ઓફિશિયલ્સના જણાવ્યા અનુસાર, અલ્બામા, જ્યોર્જિયા અને ફ્લોરિડામાં અંદાજિત ૧.૪ લાખ મકાનો અને બિઝનેસ હાઉસમાં વીજપુરવઠો ખોરવાઈ ગયો છે.મેક્સિકો ઓથોરિટી અનુસાર, મેક્સિકો બીચ પર જે ૨૮૦ લોકોએ વાવાઝોડાંની ચેતવણીને ગંભીરતાથી લીધી નહતી તે તમામ લોકો ગુમ છે. તેમણે કહ્યું કે મેક્સિકો અને ફ્લોરિડામાં તારાજી સર્જાયા બાદ હવે માઈકલ યુએસ ગલ્ફ કોસ્ટ તરફ આગળ વધી રહ્યું છે. ઈમરજન્સી ક્રૂએ આજથી રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું છે.જો કે, વીજળી ઠપ, બ્લોકેજ રોડના કારણે રેસ્ક્યૂ ઓપરેશન વધુ મુશ્કેલ બની રહ્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વીટ કરી હતી કે ફ્લોરિડા હાઈવે પેટ્રોલ ટ્રૂપર્સ આજે પેનહેન્ડલ પહોંચી જશે. જેથી વાવાઝોડાંથી પ્રભાવિત વિસ્તારોને પુરતી મદદ પહોંચાડી શકાય.

સુત્રોનું કહેવે છે કે આજે ત્રાટકેલાં કોલમ વાવાઝોડાંના કારણે અંદાજિત ૩૦,૦૦૦ મકાનો અને બિઝનેસ હાઉસમાં વીજ પુરવઠો ખોરવાયો છે. ઉપરાંત ૧૨૩ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાવાના કારણે ડઝનથી વધુ ફ્લાઈટ્સ અને ટ્રેનો રદ કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી ૩૬ કલાક માટે અંબર વૉર્નિંગ જાહેર કરવામાં આવી છે. જે અનુસાર, વાવાઝોડાંથી પ્રભાવિત એરિયામાં ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી છે. યુકેમાં આજે વાવાઝોડાંના કારણે ભારે વરસાદ થયો હતો. આજે શુક્રવારે વેલ્સ, નોર્થ આર્યલેન્ડ અને સાઉથ વેસ્ટ ઈંગ્લેન્ડમાં ૬.૩ ઈંચ વરસાદ થયો હતો.

કારડિફ અને એક્સટર એરપોર્ટ્સ પરથી ડઝનથી વધુ ફ્લાઈટ્સ કેન્સલ કરવામાં આવી છે. બેલફાસ્ટ સિટીમાં ૨૫ ફ્લાઈટ્સ કેન્સલ કરવામાં આવી છે. જ્યારે એરલાઈન એક્સિંગમાં ૫૪ ફ્લાઈટ્સ કેન્સલ કરવામાં આવી છે. કોલમ વાવાઝોડાંનાં કારણે મોટાંભાગની સ્કૂલો બંધ રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કોલમ યુકેમાં આવેલું સિઝનનું ત્રીજું વાવાઝોડું છે.વેસ્ટર્ન પાવર ડિસ્ટ્રિબ્યુશન અનુસાર, આર્યલેન્ડ, કોર્ક, કેરી અને ડોનેગલ સહિત અંદાજિત ૩૦,૦૦૦ ઘરોમાં વીજ પુરવઠો ખોરવાયો છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન સાઈડ યુકેમાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. કોલમ વાવાઝોડાંનાં કારણે સાઉથ-વેસ્ટ ઈંગ્લેન્ડ અને રિપબ્લિક ઓફ આર્યલેન્ડમાં ૧થી ૫ ઈંચ વરસાદ થવાની આગાહી છે.

### રાફેલ ડિલને લઈને રાજકીય સંગ્રામ યથાવત જારી

# રાહુલના દુષ્પ્રચારથી હકીકત બદલાશે નહીં : પીયુષ ગોયેલ

નવી દિલ્હી, તા.૧૨

ફ્રાંસની સાથે રાફેલ ડિલને લઈને રાજકીય સંગ્રામનો દોર જારી રહ્યો છે. રિલાયન્સને લઈને ફ્રાંસની કંપની દશો કંપનીના સીઈઓ તરફથી ખુલાસો કરવામાં આવ્યા બાદ આજે ભાજપે કોંગ્રેસ પાર્ટી ઉપર વળતા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધી એક પછી એક ખોટું નિવેદન કરીને દેશના લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. ગુરુવારના દિવસે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામનના ફ્રાંસ પ્રવાસને લઈને પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. વડાપ્રધાનને ભ્રષ્ટ વ્યક્તિ તરીકે ગણાવ્યા હતા. ભ્રષ્ટાચાર સામે લડવા માટે સત્તા ઉપર આવ્યા હતા પરંતુ મોદી પોતે સૌથી મોટા ભ્રષ્ટાચારી સાબિત થઈ રહ્યા છે. કેન્દ્રીયમંત્રી પીયુષ ગોયેલે પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે, કોઈ મુદ્દા ન મળવાથી કોંગ્રેસ પાર્ટી હવે જુઠ્ઠાણુ ફેલાવી રહી છે. તેમણે કહ્યું હતું કે, ફ્રેન્ચ મિડિયા દ્વારા જે ખોટા અહેવાલ આપવામાં આવ્યા હતા. તેને લઈને ખુલાસો ફ્રાંસની કંપની દશોના સીઈઓ કરી ચુક્યા છે. પીયુષ ગોયેલે કહ્યું હતું કે, ખોટા નિવેદન કરવાથી ખોટી બાબત વાસ્તવિકતામાં ફેરવાઈ જશે નહીં. ૨૦૧૨માં જે લોકો ગાંધી પરિવારને ફાયદો પહોંચાડવાના પ્રયાસ કરી રહ્યા હતા તે લોકોને બચાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. તેમણે કહ્યું હતુંકે, ખોટી બાબતને ૧૦૦ વખત દોહરાવવામાં આવશે તો પણ તે યોગ્ય સાબિત થશે નહીં. રાહુલ ગાંધીના આઠ જુઠ્ઠાણા ગોયેલે રજૂ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ફ્રેન્ચ મિડિયા હાઉસના રિપોર્ટને પહેલા ટ્વિટ્સ કરીને રજૂ કરવામાં આવ્યો હતો. દશોના સીઈઓ દ્વારા આને રદિયો આપવામાં આવ્યો હતો. ત્યારબાદ સુપ્રીમ કોર્ટના ચુકાદાને ટ્વિસ્ટ કરીને રજૂ કરાયો હતો. સુપ્રીમે સાફ શબ્દોમાં કહ્યું છે કે, રાફેલની કિંમત અંગે માહિતી માંગવામાં આવી નથી.






### ડોલર સામે રૂપિયામાં ઘટાડાની પણ અસર જોવા મળી

# રિટેલ ફુગાવો સપ્ટેમ્બરમાં ૩.૭૭ ટકા : પેટ્રોલ કિંમતોની અસર રહી

મુંબઈ,તા. ૧૨

શેરબજાર અને ઉદ્યોગ જગતના લોકો જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે આંકડા આજે જારી કરવામાં આવ્યા હતા. સીપીઆઈ ફુગાવાનો આંકડો સપ્ટેમ્બર મહિનામાં ૩.૭૭ ટકા રહ્યો છે જ્યારે ઓગસ્ટ આઈઆઈપીનો આંકડો અપેક્ષા કરતા સારો થઈને ૪.૩ ટકાનો રહ્યો છે. ઉંચી ખાદ્યાન્ન અને ફ્યુઅલ કિંમતોના પરિણામ સ્વરુપે સીપીઆઈ રેટમાં વધારો થયો છે. રિટેલ ઈન્ફ્લેશન (સીપીઆઈ) રેટ વધીને નવી ઉંચી સપાટીએ પહોંચ્યો છે. ડોલર સામે રૂપિયાના અવમુલ્યનની પણ અસર થઈ છે. આજે સરકાર દ્વારા સપ્ટેમ્બર મહિના માટેના સીપીઆઈના આંકડા જારી કર્યા હતા. હાલમાં જ સપ્ટેમ્બર મહિના માટેના કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સમાં સપ્ટેમ્બરમાં વાર્ષિક વધારાના સંદર્ભમાં સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી જેમાં કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સનો આંકડો ઓગસ્ટ મહિનામાં ૩.૬૯ ટકાની સામે ચાર ટકા રહેવાની વાત કરવામાં આવી હતી. ઓગસ્ટ મહિનામાં ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન (આઈઆઈપી)નો આંકડો ૪.૩ ટકા રહ્યો છે. એક વર્ષ અગાઉની સરખામણીમાં આ આંકડો આશાસ્પદ રહ્યો છે. જ્યારે એક વર્ષ અગાઉની સરખામણીમાં તેમાં ઘટાડો થયો છે. એક વર્ષ અગાઉ આ મહિનાનો આંકડો ૪.૮ ટકા રહ્યો હતો. આ વર્ષે ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમત આશાસ્પદ રહી છે.સરકાર દ્વારા લઘુમત્ત સમર્થન મુલ્યમાં વધારો કરવામાં આવ્યો છે જેની અસર જોવા મળી છે. શહેરી સીપીઆઈનો આંકડો ૪.૩૧ ટકા સુધી પહોંચ્યો છે. સીપીઆઈ ફુગાવાના આંકડા અને ડબલ્યુપીઆઈ ફુગાવાના આંકડા ઉપર આરબીઆઈની હંમેશા નજર રહે છે. આરબીઆઈએ હાલમાં જ રેટને યથાવત રાખ્યા હતા. ક્રૂડની કિંમતો, આરબીઆઈના પગલા ટૂંકમાં જ અસર દેખાશે. કઠોળ અને કોમોડિટીમાં ઉપયોગ કરવામાં આવતી શાકભાજીની કિંમતોમાં મહિનાઓના આધાર પર ઘટાડો થઈ રહ્યો છે. જુલાઈ મહિનામાં ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનનો આંકડો ૬.૬ ટકાનો રહ્યો હતો. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં દેખાવ શાનદાર રહ્યો હતો. રિટેલ ફુગાવો ઓગસ્ટ મહિનામાં સીપીઆઈ ફુગાવો ૩.૬૯ ટકા રહ્યો હતો જે ૧૦ મહિનાની નીચી સપાટી છે. અમેરિકા અને ચીન સહિતના દેશોમાં જુદા જુદા આંકડા હાલમાં જારી કરવામાં આવનાર છે. આશ્ચર્યજનક પહેલરૂપે આરબીઆઈએ તે દિવસે વ્યાજદર યથાવત રાખ્યો હતો.

**રિટેલ ફુગાવામાં આંશિક વધારો થયો : ઓગસ્ટમાં ૩.૬૯ ટકા સામે રિટેલ ફુગાવો વધીને ૩.૭૭ ટકા થયો: ઓગસ્ટ આઈઆઈપીનો આંકડો ૪.૩ ટકા**


**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**એર ચીલીંગ પ્લાન્ટનું સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનિંગ**

**(i) કામનું નામ તેનું સ્થળ અને પૂર્ણતાની અવધિ ઈ-ટેન્ડર નં. : CWM-EW-SBI- 06 -2018-19-R. કામનું નામઃ** એન્જીનીયરીંગ વર્કશોપ, સાબરમતીના ફ્લેશ બુટ વેલ્ડીંગ શોપના હાલના ઈએસએબી મેઈક ફ્લેશ બુટ વેલ્ડીંગ પ્લાન્ટ, મૉડેલ ZFR-11-GC-2 સાથે 15 ટીઆર ક્ષમતાના એર ચીલીંગ પ્લાન્ટનું સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનીંગ. **સ્થળઃ** ચીફ વર્કશોપ મેનેજરની કચેરી, એન્જિનિયરીંગ વર્કશોપ, પશ્ચિમ રેલવે, ડી કેબીન સામે, સાબરમતી, અમદાવાદ-380019 ટેલી નં. 079-27506503 અને 079-27508245 **પૂર્ણતાનો સમયગાળો :** 30 દિવસ **(ii) કામની અંદાજિત કિંમત :** ₹ 6,21,000/- **(iii) અર્નેસ્ટ મની ડિપોઝીટઃ** ₹ 12,420/- **(iv) ટેન્ડર જમા કરાવવાની તારીખ અને સમય :** 12.11.2018ના 15.00 કલાક. **(v) ખોલવાની તારીખ અને સમય :** 12.11.2018ના 15.30 કલાકે. **(vi) વેબસાઈટ વિવરણ અને નોટીસ બોર્ડનું સ્થાન જ્યાંથી ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ટેન્ડર ઓફિસનું સરનામું વગેરેઃ વેબસાઈટ વિવરણ : www. ireps.gov.in નોટીસ બોર્ડનું સ્થાન અને ઓફિસનું સરનામું :** ચીફ વર્કશોપ મેનેજરની કચેરી, એન્જિનિયરીંગ વર્કશોપ, પશ્ચિમ રેલવે, ડી કેબીન સામે, સાબરમતી, અમદાવાદ-380019 ટેલી નં. 079-27506503 અને 079-27508245 **નોંધ : કામની શરતો અને નિયમોની સંપૂર્ણ વિગતો રેલવેની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.** 202

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly







### અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી દ્વારા કાર્યવાહી

# આતંકવાદી મન્નાન વાની માટે શોકસભા : ૩ વિદ્યાર્થી સસ્પેન્ડ

અલીગઢ,તા. ૧૨

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી દ્વારા ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહીદ્દીનના ટોપ કમાન્ડર મન્નાન બશીર વાનીના જનાજાની નમાજ અદા કરવાના પ્રયાસમાં ત્રણ કાશ્મીરી વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરી દીધા છે.મન્નાન વાની એએમયુમાં રિસર્ચ સ્કોલર તરીકે હતા અને વચ્ચેના ગાળામાં જ અભ્યાસ છોડીને હિઝબુલ સંગઠનમાં જોડાઈ ગયો હતો. સુરક્ષા દળોએ મોટી કાર્યવાહી કરીને બુધવારના દિવસે તેને ઠાર કરી દીધો હતો. મન્નાન ઠાર થયાના અહેવાલ આવ્યા બાદ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના કેનેડી હોલમાં આશરે ૧૫ વિદ્યાર્થીઓ અકત્રિત થયા હતા. આ વિદ્યાર્થીઓએ નમા અદા કરવાની શરૂઆત કરી હતી. ત્રણેય વિદ્યાર્થીઓએ શિસ્તનો ભંગ કર્યો હતો. નિયમોનો ભંગ કરીને ગેરકાયદે રીતે સભા બોલાવી હતી.જમ્મુ કાશ્મીરના કુપવારામાં હેન્ડવારામાં સુરક્ષા દળોને બુધવારે મોટી સફળતા હાથ લાગી હતી. આના ભાગરુપે હિઝબુલ મુઝાહિદ્દીનના ત્રણ ત્રાસવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓમાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી અને રિસર્ચ સ્કોલર મન્નાન વાનીપણ હતો. મન્નાન હિઝબુલ મુઝાહિદ્દીનનો સ્થાનિક કમાન્ડર તરીકે હતો. તેને કુપવારામાં કમાન્ડર તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. બીજી બાજુ ફેસબુક ઉપર રાયફલની સાથે મન્નાનનો એક ફોટો વાયરલ થતાં તેને યુનિવર્સિટીમાંથી કાઢી મુકાયો હતો. તે પાંચમી જાન્યુઆરીના દિવસે જ હિઝબુલમાં સામેલ થઈ ગયો હતો. મન્નાન છેલ્લા પાંચ વર્ષથી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યો હતો. તે જમ્મુ કાશ્મીરના કુપવારા જિલ્લા તાકીપોરા ગામનો નિવાસી હતો. મન્નાનને તેના ઘરવાળા આગળના અભ્યાસ માટે અમેરિકા મોકલવા ઈચ્છુક હતા. આને લઈને તે ખુબ ઉત્સાહિત પણ હતો પરંતુ તે ત્રાસવાદી ગતિવિધિમાં સામેલ થઈ ગયા બાદ પરિવારના સભ્યો નાખુશ હતા. છેલ્લે ચોથી જાન્યુઆરીના દિવસે તેની વાત થઈ હતી તે વખતે મન્નાને પોતાના ભાઈને પરિવારની સાથે પોતાનો એક જુનો ફોટો મોકલ્યો હતો. ત્યારબાદ તેનો ફોન બંધ થઈ ગયો હતો. ફેસબુક એકાઉન્ટ પણ બંધ થઈ ગયું હતું. જાન્યુઆરીમાં જ મન્નાન એએમયુથી કાશ્મીર પહોંચી ગયો હતો. ત્યારબાદ તે હિઝબુલમાં સામેલ થઈ ગયો હતો.

## જનાજાની નમાજ અદા કરવાના પ્રયાસના આરોપમાં ત્રણ વિદ્યાર્થીઓ સસ્પેન્ડ કરી દેવાતા ચકચાર : તંગદીલી વધી

### નિફ્ટીમાં ૨૩૮ પોઈન્ટની ઉલ્લેખનીય રિકવરી નોંધાઈ ગઈ

# શેરબજારમાં રિકવરી : સેંસેક્સ ૭૩૨ પોઈન્ટ સુધરીને બંધ રહ્યો

મુંબઈ,તા. ૧૨

શેરબજારમાં આજે જોરદાર રિકવરી જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૭૩૨.૪૩ પોઈન્ટ અથવા તો ૨.૧૫ ટકા તથા નિફ્ટી ૨૩૮ પોઈન્ટ અથવા તો ૨.૩૨ ટકાના ઉછાળા સાથે ક્રમશઃ ૩૪૭૩૪ અને ૧૦૭૭૩ની સપાટીએ બંધ રહ્યા હતા. આ પહેલા ગુરુવારના દિવસે શેરબજારમાં કત્લેઆમની સ્થિતિ રહી હતી. અફડાતફડીનો દોર રહ્યો હતો. જો કે, આજે સ્થિતિ સારી રહી હતી. દલાલ સ્ટ્રીટમાં ચાલુ સપ્તાહના છેલ્લા કારોબારી સત્રમાં સ્થિતિ સારી રહી હતી. શેરબજારમાં તેજી સાથે આજે દિવસની શરૂઆત થઈ હતી. બજારમાં એકાએક તેજીનો અંદાજ આનાથી જ લગાવી શકાય છે કે, સવારે કારોબાર શરૂ થતાં જ સેંસેક્સમાં ૩૧ પૈકીના ૨૯ શેરમાં તેજી રહી હતી. દિવસ દરમિયાન આજે તેજી જારી રહી હતી. ડોલર સામે રૂપિયામાં પણ મજબૂતી રહી હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં ઓ તો નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં ચાર ટકાનો ઉછાળો રહ્યો હતો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં તેજી રહી હતી. મારુતિ સુઝુકી ઈન્ડિયાના શેરમાં પણ તેજી જામી હતી. નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં ૨.૫ ટકાનો ઉછાળો રહ્યો હતો. નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં એક ટકાનો ઘટાડો રહ્યો હતો. કારણ કે ટીસીએસના શેરમાં ત્રણ ટકાનો ઘટાડો રહ્યો હતો. કંપનીએ અપેક્ષા કરતા ઓછા રેવન્યુ ગ્રોથનો આંકડો રજૂ કર્યા બાદ તેની અસર જોવા મળી હતી. એશિયન શેરબજારમાં પણ ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. શેરબજારમાં આજે કારોબારની સમાપ્તિ રિકવરી સાથે થતાં નવી આશા જાગી હતી. અમેરિકા અને ચીન સહિતના દેશોમાં જુદા જુદા આંકડા હાલમાં જારી કરવામાં આવનાર છે. આશ્ચર્યજનક પહેલરૂપે આરબીઆઈએ તે દિવસે વ્યાજદર યથાવત રાખ્યો હતો. , શેરબજાર ગયા શુક્રવારના દિવસે અફડાતફડીનો દોર શરૂ થયો હતો. જે હજુ યથાવત રીતે જારી રહ્યો છે.છેલ્લા સાત કારોબારી સેશનમાં ૩૦૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો થઈ ગયો છે. આવી સ્થિતીમાં રિક્વરી કરવામાં પણ સરળતા રહેશે નહીં. બીજી બાજુ તહેવારની સિઝનમાં કોઈ સુધારો થાય તેવી આશા પણ હાલમાં તો ઓછી દેખાઈ રહી છે. કારોબારની શરૂઆત થયા બાદ શેરબજારમાં ગુરૂવારના દિવસે હાહાકારની સ્થિતી રહી હતી. આ સ્થિતી છેલ્લે સુધી અકબંધ રહી હતી. કારોબારની શરૂઆત થયા બાદ મિનિટોના ગાળામાં જ સેંસેક્સ એક વખતે ૧૦૦૧ પોઈન્ટ ઘટીને ૩૩૭૬૦ની નીચી સપાટી પર પહોંચી ગયો હતો. જો કે કારોબારના અંત સુધી તેમાં આંશિક રિક્વરી થઈ હતી. અંતે સેંસેક્સ ૭૬૦ પોઈન્ટ ઘટીને ૩૪૦૦૧ની નીચી સપાટી પર રહ્યો હતો. ઈન્ટ્રા ડે દરમિયાન તેમાં ૧૦૩૭ પોઈન્ટનો એક વખતે ઘટાડો થઈ જતા કારોબારીઓ ચિંતાતુર દેખાયા હતા. બીી બાજુ નિફ્ટી ૨૨૫ પોઈન્ટ ઘટીને ૧૦૨૩૫ની નીચી સપાટી પર રહ્યો હતો. આ પ્રકારની સ્થિતી વચ્ચે કારોબારીઓ જોખમ લેવા માટે તૈયાર નથી. બીજી બાજુ વિદેશી રોકાણકારો તેમની સ્થિતી પાછી ખેંચી રહ્યા છે. છેલ્લા સપ્તાહમાં જંગી નાણાં પાછા ખેંચી લેવામાં આવ્યા હતા. શેરબજારમાં છેલ્લા કેટલાક દિવસથી ભારે પ્રવાહી સ્થિતિ જોવા મળી રહી છે જેના પરિણામ સ્વરુપે કારોબારીઓ દિશાહિન થયેલા છે. હાલમાં શેરબજારમાં મંદી માટે કેટલાક પરિબળોને નિષ્ણાતો જવાબદાર ગણી રહ્યા છે જેના ભાગરુપે ક્રૂડ ઓઈલની વધતી જતી કિંતને લણ જવાબદાર ગણવામાં આવે છે. આ ઉપરાંત ડોલર સામે રૂપિયામાં પણ તેજી જામી હતી. નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં ઘટાડો ઉલ્લેખનીય રહ્યો હતો. આવતીકાલે કંપનીઓની માર્કેટ મૂડીને લઈને ગણતરી કરવામાં આવ્યા બાદ રવિવારના દિવસે આ આંકડા જારી કરવામાં આવનાર છે. મૂડીરોકાણકારોમાં આજે નવી આશા જાગી હતી. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં ચાર ટકાથી વધુનો ઉછાળો રહ્યો હતો. ગુરુવારના દિવસે સેંસેક્સમાં તીવ્ર કડાકો બોલી ગયો હતો અને કારોબારીઓએ જંગી નાણાં ગુમાવી દીધા હતા.

## ગુરુવારના દિવસે શેરબજારમાં કત્લેઆમની પરિસ્થિતિ રહ્યા બાદ એકાએક દલાલ સ્ટ્રીટમાં મોટી રિકવરી : કારોબારીઓમાં છેલ્લા સત્રમાં નવી આશા

## તંત્રી સ્થાનેથી.....

# ગુજરાત કોંગ્રેસની 'શૈડો ગવર્નમેન્ટ'નું શું થયું ?

૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીમાં સત્તા મેળવવાથી વેંત એક પાછળ રહી ગયેલી કોંગ્રેસે લોક સરકાર અથવા કહો કે સમાંતર સરકાર રચીને સરકારી ખાતાઓમાંના લોકપ્રશ્નો હાથ પર લેવાનો દાવો કર્યો હતો પરંતુ આજે ૧૦ મહિના થવા આવ્યા છતાં આ પ્રકારની સમાંતર સરકારનો કોઈ અતોપતો નથી. અત્રે એ ઉલ્લેખનીય છે કે, બ્રિટનમાં વિપક્ષ દ્વારા 'શૈડો ગવર્નમેન્ટ' એટલે કે છાયા સરકારનું ગઠન કરાય છે. જેનું નેતૃત્વ વિપક્ષી નેતા કરે છે. છાયા સરકારમાં વિપક્ષી સંસદ સભ્યોને વિવિધ ખાતાઓની જવાબદારી સોંપવામાં આવે છે. તેમની પાસે જે તે ખાતાની કોઈ કોઈ સત્તા નથી હોતી પણ લોકોમાંથી આ ખાતાઓની સમસ્યાઓ આવે તે વિશે જે તે સાંસદ જે તે મંત્રાલય સાથે ઉપાડી લઈ સમસ્યાના નિરાકરણ માટે પ્રયાસ કરે છે. છાયા સરકારને છાયા મંત્રી મંડળ પણ કહે છે.

ગુજરાત કોંગ્રેસને ૨૦૧૭ની ચૂંટણી પટેલ આંદોલનના બળ ઉપર જીતવાની મોટી આશા હતી પણ મોટા ભાગના પટેલ મતદારોએ ભાજપનો સાથ નહીં છોડતાં કોંગ્રેસની આશા પર પાછી ફરી વળ્યું હતું. ચૂંટાઈને મંત્રી બનવાની અપેક્ષા રાખી બેઠેલા કોંગ્રેસના ધારાસભ્યોને અસલ મંત્રી બનવા તો ન મળ્યું પણ કંઈક અંશે આ આશાને સંતોષી શકાય એ માટે 'લોક સરકાર' રચવાની પક્ષમાં ચર્ચા થઈ હતી અને તે માટે આગળ વધવામાં આવશે એવી ઉત્સાહપૂર્વક જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત થયા પછી તેને અમલમાં મૂકવાની ખરેખર જવાબદારી વિપક્ષી નેતાની થતી હતી. પણ ગમે તે કારણે વિધાનસભાના વિપક્ષી નેતા પરેશ ધનાણી આ બાબતમાં હજી આગળ વધ્યા નથી. પરંતુ જાણવા મળે છે તેમ હવે છાયા સરકાર રચવાને બદલે કોંગ્રેસે એક મોબાઈલ એપ લોંચ કરવાનું નક્કી કર્યું છે. લોકો પોતાની સમસ્યા આ એપ પર મૂકી શકશે અને પક્ષ જે તે ફરિયાદનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરશે. આજે શુક્રવારે આ એપ લોંચ થવાની છે.

છાયા સરકારનું શું થયું તે અંગે કોંગ્રેસ તરફથી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. છાયા સરકારને બદલે મોબાઈલ એપ પર કેમ જવાનું થયું તે વિશે પણ કંઈ કહેવાયું નથી. એવું સંભળાય છે કે પક્ષમાં અંદરો અંદર પરિસ્થિતિ તંગ છે. તાજેતરમાં દિલ્હી ખાતે પક્ષની એક બેઠકમાં પ્રમુખ રાહુલ ગાંધીએ ગુજરાત કોંગ્રેસના ઉપસ્થિત નેતાઓને રીતસર ખખડાવી નાખ્યા હતા અને આગામી લોકસભાની ચૂંટણીમાં આપસી મતભેદો ભૂલી જઈને કામે લાગી જવા આદેશ આપ્યો હતો. અન્યથા હોદા છોડી દેવા પણ સાફ શબ્દોમાં જણાવી દીધું હતું. જાણવા મળે છે તેમ લોક સરકાર રચવાને બદલે પક્ષ હવે વિવિધ ધારાસભ્યોને જુદી જુદી જવાબદારીઓ સોંપીને મોબાઈલ એપ પર આવતી ફરિયાદોનું નિરાકરણ કરાવવા પ્રયાસ કરશે. અલબત, લોક સરકારનું સુરસુરિયું થઈ ગયું તેમ મોબાઈલ એપનું ય સુરસુરિયું થઈ ન જાય તે માટે પક્ષના ધારાસભ્યો કેટલા જાગૃત રહે છે તે જોવાનું રહે છે. વિધાનસભા ચૂંટણી પછી ભાજપે પરિણામોમાં જે ક્ષતિ બહાર આવી તે સુધારી લેવાઈ હોવાનો પક્ષના વર્તુળો દાવો કરે છે અને લોકસભાની ચૂંટણીમાં ૨૦૧૪ જેવું જ પ્રદર્શન કરવાની આશા વ્યક્ત કરે છે. તેની સામે કોંગ્રેસે ભાજપની વધુમાં વધુ બેઠકો આંચકી લેવા માટે ભગિરથ પ્રયાસ કરવાના છે. ૨૦૧૪ની લોકસભા ચુંટણીમાં કોંગ્રેસ માટે નીલ પરિણામ આવ્યું હતું. રાજ્યની તમામ છવીસે છવીસ બેઠકો ભાજપે અંકે કરી લીધી હતી. પહેલી વખત ગુજરાતના એક નેતાને વડાપ્રધાનપદ માટે આગળ કરવામાં આવ્યા હતા તેથી ગુજરાતની જનતામાં ભારે ઉતસાહ હતો. ૨૦૧૯ની ચૂંટણીમાં પણ ભાજપ તરફથી વડાપ્રધાનપદ માટેના દાવેદાર ગુજરાતના નરેન્દ્ર મોદી જ હશે. તેથી ભાજપ માટે રસ્તો ઢાળવાળો હશે અને કોંગ્રેસ માટે કપરા ચઢાણ હોઈ વધુ મહેનત માંગી લેશે

# શિ શોપ સ્માર્ટલી - અ સ્માર્ટ ચોઈસ ફોર સ્માર્ટ લેડીના પોર્ટલ દ્વારા સ્ત્રીની જરૂરિયાતની દરેક વસ્તુ માત્ર ૧ કિલક પર

અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં તહેવારોની સીઝન આવતા જ ગૃહિણીઓનું શોપિંગ ચાલુ થઈ જતું હોય છે અને એમાં પોતાના ઘરને સજાવાની વાત હોય કે પોતે જાતે સજવાની વાત હોય એ ક્યાંય પાછી પાની કરતા નથી હોતા. પરંતુ આજના લોકોના વ્યસ્ત સિડયુલ્ડને કારણે લોકો પાસે શોપિંગમાં ચોક્કસ સમય નથી મળી રહેતો અને એને જોતા જ લોકોમાં ઓનલાઇન શોપિંગ ક્રેઝ વધ્યો છે ત્યારે અમદાવાદની દરેક સ્ત્રીને પોતાને જોઈતી વસ્તુ ૧ દિવસ માં મળી રહે એ માટે શિ શોપ સ્માર્ટલી - અ સ્માર્ટ ચોઈસ ફોર સ્માર્ટ લેડી કરીને ૧ ઓનલાઈન પોર્ટલની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં સ્ત્રીની જરૂરિયાતની તમામ વસ્તુ મળી રહેશે. આ પ્રોડક્ટ વિશે વાત કરતા શિ શોપ સ્માર્ટલી - અ સ્માર્ટ ચોઈસ ફોર સ્માર્ટ લેડી કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર સોનમ ઠાકર અને ગુણવંતરાય ઠાકરે જણાવ્યું હતું કે ચાલી રહેલી ફેસ્ટિવલ સીઝનને ધ્યાન રાખીને નવરાત્રીના લોકપ્રિય તહેવારમાં આ ઓનલાઈન શોપિંગ માટેનું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. અને આ પોર્ટલ વિષે વધુમાં જણાવું તો આના લોચીગ પેહલા



હમારી ટીમ દ્વારા ૧ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં ૭૦ ટકાથી વધુ લોકો આજકાલ ઓનલાઇન શોપિંગ કરે છે તેવું તારણ નીકળ્યું હતું. અને ગુજરાત માં સૌથી વધારે અમદાવાદ માં લોકો ઓનલાઇન શોપિંગ પ્રિફર કરે છે. આ પોર્ટલ માં સ્ત્રીને લગતી દરેક વસ્તુઓ મળી રહેશે. આ પોર્ટલ દ્વારા સૌથી વધુ વેરાઈટી, સૌથી સસ્તા દરે અને આપેલ ઓર્ડરના બીજા જ દિવસે મળી રહેશે. અમારી સાથે જોડાયેલા વિક્રેતાઓને પોતાની દરેક પ્રોડક્ટ આખા અમદાવાદમાં સેલ કરવાનો મોકો મળી રહેશે. આ અમને અમારા ગ્રાહકોને વધુ સારી રીતે સેવા આપવા અને અમારા પ્રાઇમ ગ્રાહકોને મફત અને ઝડપી ડિલિવરી સાથે, ખાસ કરીને આગામી તહેવારોની મોસમ માટે સમર્થ બનાવશે.

# તરૂણ ખન્ના પોરસના સેટ ઉપર ટકલો થાય છે



મુંબઈ, તા.૧૨

જાણીતા અને દેખાવડા અભિનેતા તરૂણ ખન્ના, કે જે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના મહાન વૈભવી શો પોરસ નવા ચાણકયની ભૂમિકા ભજવી રહ્યો છે તેણે હાલમાં જ તેના ચાહકોને તેની પ્રશંસા કરવાની વધુ એક તક આપી છે. આ અભિનેતા કે જેણે કોઈ પણ પથ્થર હાલ્યા વગર રહેવા દિધો નથી કે જેથી આ પાત્રને ન્યાય આપી શકાય તેથી તેણે ટકલો કરાવવાનું નક્કિ કર્યુ છે! હા તે સાચુ છે. આ અભિનેતા પાસે પ્રોસ્થેટીક્સ વાપરવાનો વિકલ્પ હતો તેમ છતા તેણે વધુ યોગ્ય દેખાવા અને પાત્રને જીવંત બનાવવા પોતાના માથાનુ મુંડન કરાવવાનુ નક્કિ કર્યુ છે.

આ અભિનેતા બ્રાહ્મણનું પાત્ર ભજવી રહ્યો છે તેણે પોતાના વાળ ઉતારી દિધા છે અને તેમનુ મુંડન કરી દિધુ છે. તે એમ માને છે કે આને લીધે મેઅપમાં તેનો સમય બચશે અને તે તેના પાત્રને વધુ સમય આપી શકશે. તરૂણને ચાણકયની ભૂમિકા ખૂબ જ પડકારદાયક લાગે છે તેને જ કારણેતે પોતાનુ શ્રેષ્ઠ આપવા માંગે છે. તે આ પાત્રને સંપૂર્ણપણે જુદા અવતારમાં રજૂ કરવા માંગે છે અને તેના પ્રયત્નો વાસ્તવિક ચાણકયને પડદા ઉપર જીવંત કરવાનો છે.

તરૂણ ખન્ના કહે છે કે, ચાણકયની ભૂમિકા તે અત્યાર સુધીની મારી કાર્કિર્દીની સૌથી પડકારજનક ભૂમિકા છે. હવે મારી પાસે આ ભૂમિકા છે, હું તેમાં શ્રેષ્ઠ બનવા માંગુ છુ. શુટીગ પહેલા હુ ટકલો કરાવવા માંગુ છુ પરંતુ મારી પાસે બીજા પણ મેં આપેલા વચનો છે જેથી હું તેમ કરી શકતો નથી. .મેં એક જ વખત ટકલો કરાવ્યો છે અને તે બાળપણમાં મારા મુંડન ક્રિયા દરમ્યાન. મને ખાતરી છે કે આનાથી મારા પાત્ર માટે મને વધુ સમય મળશેં.

પોરસને દર સોમવારથી શુક્રવાર રાત્રે ૮.૦૦ કલાકે માત્ર સોની એન્ટરટેઇનમેન્ટ ટેલિવિઝન ઉપર ટયુન કરો.

# મોડાસા સબલપુર ખાતે હિંમતનગર-મોડાસા કુદરતી ગેસ પાઈપ લાઈન નેટવર્કના હસ્તે ખાત-મૂહુર્ત કરવામાં આવ્યું





(રાજાબાબુ),મોડાસા.તા.૧૨

આજરોજ ધરતી કોલ્ડ સ્ટોરેજ સબલપુર ખાતે સાબરમતી ગેસ લી. (એસ.જી.એલ.)નો હિંમતનગર-મોડાસા કુદરતીગેસ પાઇપ લાઇન નેટવર્ક(એચ.એમ.પી.એલ.)ના હસ્તે ખાત-મૂહુર્ત કરવામાં આવ્યુ.

આ પ્રસંગે ચેરમેન ડો. ટી.નટરાજને જણાવ્યુ હતુ કે જુન-૨૦૦૬થી સાબરમતી ગેસ લી.(એસ.જી.એલ.) કે જે, ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન (જી.એસ.પી.સી.) અને ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન લી.(બી.પી.સી.એલ.)નુ સયુંક્ત સાહસ છે સાબરમતી ગેસ લી. હાલ ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લાઓ ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા અને પાટણમાં કાર્યરત છે. સાબરમતી ગેસ લી.(એસ.જી.એલ.) ૧.૨૫ લાખથી વધુ ઘરેલુ અને ૧૦૦૦થી વધુ ઔદ્યોગિક અને વાણિજિક એકમો તથા ૧.૩૦ લાખ આસ-પાસ વાહનોને પાઈપ્ડ નેચરલ ગેસ (પી.એન.જી.) અને સી.એન.જી. નેટવર્ક મારફત સેવાઓ પુરી પાડે છે.કુદરતી ગેસની પાઇપ લાઇન ગઢોડા હિંમતનગરથી વાયા કિશોરપુરા થઇ મોડાસા એમ કુલ ૪૫ કિ.મી.ની થનાર છે.જેના અંદાજો મુજબ ૪૦ કરોડ ખર્ચાશે. ઉપરોક્ત જણાવેલી પાઇપ લાઇન જે ૮ ઇંચ વ્યાસ ધરાવે છે તે અરવલ્લી જિલ્લાના શહેરી વિસ્તારમાં ગેસના વિતરણ માટે કરોડરજ્જુ સમાન બનશે. હાલના સમયે સાબરમતી ગેસ લી.(એસ.જી.એલ.) વાહનો માટે સી.એન.જી. ગેસ ૬ સી.એન.જી. સ્ટેશનોથી વિતરીત કરે છે. આગામી પાંચ વર્ષમાં રૂ. ૩૦૦ કરોડના ખર્ચે સાબરમતી ગેસ લી. (એસ.જી.એલ.) દ્વારા યુધ્ધના ધોરણે ઝડપથી કુદરતી ગેસની પાઇપ લાઇનનું નેટવર્ક વિસ્તરીત કરવાની યોજના છે.સાબરમતી ગેસ લી. (એસ.જી.એલ.)ની પાઇપ લાઇન અરવલ્લી જિલ્લામાં તાલુકાના મુખ્ય મથકો અને નજીકના ગામડાઓના ૫૦ હજાર ઘરોમાં ઘરગથ્થુ ઉપયોગ માટે સગવડ પુરી પાડશે. સૂચિત કુદરતી ગેસની પાઇપ લાઇન અરવલ્લી જિલ્લામાં ફેલાયેલા ૧૫ મથકો મારફતે ૩૫ હજાર સી.એન.જી. વાહનોને ગેસ પુરો પાડવા ઉપયોગમાં લેવાશે. આ પાઇપ લાઇન મારફતે ઔદ્યોગિક અને વાણિજિક હેતુ માટે પણ કુદરતી ગેસ પુરો પાડવામાં આવશે.આ કુદરતી ગેસના વિસ્તરણથી અને ગ્રીન એનર્જીના વપરાશથી અરવલ્લી જિલ્લામાં લોકોને સારુ વાતાવરણ પુરુ પાડવા માટે એક મોટુ પગલુ હશે. અત્રે ઉલ્લેખનિય છે કેજ સાબરમતી ગેસ એજન્સીના મધર સ્ટેશનના બાંધકામ માટે જિલ્લા કેલકટર દ્વારા સત્વરે જમીન ફાળવવા તજવીજ હાથ ધરાઇ છે.પ્રાસંગિક પ્રવચનમાં કલેકટરે જણાવ્યુ હતુ કે અરવલ્લી જિલ્લાના લોકો માટે ખુબજ સારોઅવસર છે જિલ્લાના વિકાસ માટે સાબરમતી ગેસ લિમીટેડ હિંમતનગર મોડાસા કુદરતી ગેસ પાઇપ લાઇનથી પ્રજાને સારો ફાયદો થશે, આ ગેસની પાઇપલાઇનનુ કામ ચાલુ થવાનુ છે જે એજન્સી દ્વારા છ મહિનામાં પૂર્ણ કરવામાં આવશે ગેસ પાઇપ નાખવાથી પર્યાવરણ ક્ષેત્રે તેમજ આરોગ્ય ક્ષૈત્રે ફાયદો થશે આ ગેસથી લોકોનુ જીવન ધોરણ ઉચુ આવશે, પાઇપ નાખવાથી બીલ ઓછુ આવશે અને નાણાંનો વ્યય થતો અટકશે.આ પ્રસંગે સાબરમતી ગેસ લિમીટેડના મેનેજીંગ ડિરેકટર, જિલ્લા વિકાસ અધિકારી , પોલીસ અધિક્ષક, આસી. કલેકટર બાયડ, પ્રાંતઅધિકારી મોડાસા, જિલ્લાના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

# અરવલ્લી જિલ્લામાં એકતા રથયાત્રાની ભવ્ય ઉજવણીના ભાગ રુપે કલેકટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ

(રાજાબાબુ),મોડાસા.તા.૧૨

દેશની એકતા અખંડિતતાના મહાન શિલ્પી અને લોખંડી પુરૂષ તરીકે જગપ્રસિધ્ધ મહાન રાષ્ટ્ર સપૂત સરદાર વલ્લભભાઇ પટેલની જન્મ જયંતિ પ્રસંગે એકતા રથયાત્રા તા.૩૧/૧૦/૨૦૧૮ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ થનાર હોઇ, તે પ્રસંગે સરદારશ્રી દ્વારા સમગ્ર ગુજરાતમાં એકતા રથ ફેઝ-૧ તા.૨૦/૧૦/૨૦૧૮ થી તા.૨૯/૧૦/૨૦૧૮ સુધી અને બીજા તબક્કામાં તા.૧૨/૧૧/૨૦૧૮ થી તા.૨૧/૧૧/૨૦૧૮ સુધી રથયાત્રાનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં ફેઝ-૧ માં તા.૨૦-૧૦-૨૦૧૮ થી તા.૨૯-૧૦-૨૦૧૮ સુધી મોડાસામાં ૩૪, મેઘરજમાં ૩૩ અને ભિલોડા તાલુકામાં ૪૮ ગામોમાં અને બાયડ પ્રાંતમાં ધનસુરામાં-૩૦, બાયડમાં-૩૬ અને માલપુરમાં-૩૦ ગામોમાં કુલ ૨૧૧ ગામોમાં એકતા રથયાત્રા ફરશે. જયારે ફેઝ-૨ માં તા.૧૫-૧૧-૨૦૧૮થી તા.૨૪-૧૧-૨૦૧૮ સુધી મોડાસા પ્રાંતમાં મોડાસાના-૩૩, મેઘરજના-૩૩ અને ભિલોડાના-૪૫ ગામોમાં અને બાયડ પ્રાંતમાં ધનસુરામાં-૩૦, બાયડમાં-૩૫ અને માલપુરમાં ૩૦ ગામોમાં



રથયાત્રા ફરશે. આમ અરવલ્લી જિલ્લામાં ફેઝ-૧ અને ફેઝ-૨ માં કુલ ૪૧૭ ગામો આવરી લેવામાં આવશે. આ ફેઝ-૧ અને ફેઝ-૨ના એકતા રથના લાયઝનીંગ અધિકારીઓની નિમણુંક પણ કરવામાં આવેલ છે. એકતા રથયાત્રા રાજયના ૧૦,૦૦૦ ગામોમાં અને જિલ્લાના ૭૦૦ થી વધુ ગામોમાં એકતા રથયાત્રા પરિભ્રમણ કરશે. અરવલ્લી ખાતે કલેકટરના અધ્યક્ષસ્થાને એકતા રથયાત્રાની સુદ્રઢ આયોજન અંગે અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી. જેમાં કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, બે તબક્કામાં એકતા રથયાત્રા યોજાશે. પ્રથમ તબક્કામાં તા.૨૦/૧૦/૨૦૧૮ થી તા.૨૯/૧૦/૨૦૧૮ સુધી અને બીજા તબક્કામાં તા.૧૨/૧૧/૨૦૧૮ થી તા.૨૧/૧૧/૨૦૧૮ સુધી એકતા રથયાત્રા યોજાશે. આ પ્રસંગે ૬૦ ટકા ગામોને આવરી લેવામાં આવશે. જેમાં તાલુકા અને જિલ્લા પંચાયતની તમામ સીટો આવરી લેવા અંગે એકતા રથયાત્રાના આગમન ગ્રામજનો દ્વારા સ્વાગત અને સન્માન, પુજા, આરતી, સાંસ્કૃતિક કાર્યક્રમો, ડોકયુમેન્ટરી ફિલ્મ શો, સ્થાનિક કાર્યક્રમો, સાહિત્ય વિતરણ, પ્રવચન તથા પ્રસ્થાન અંગે એકતા રથયાત્રા રૂટ બનાવવા અંગે કલેકટશ્રીએ અધિકારીઓને વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડી જરૂરી સૂચના આપી હતી. એકતા રથયાત્રા નિમ્મિતે અરવલ્લી જિલ્લામાં ઉત્સાહપુર્વક માહોલમાં સફળતાપુર્વક ઉજવણી થાય કલેકટરે ગ્રામજનોને સંકલનમાં રહી તેમજ શાળાઓમાં સરદાર વલ્લભભાઇ પટેલના જીવનચરિત્ર ઉપર સ્પર્ધાઓ તથા નિબંધો લખીને ઉજવણી કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીને જણાવ્યું હતું.

# અગ્નિફેરામાં યુક્તિ અને સિમરન માટે રોલ રિવર્સલ : કરણ ગોડવાની મુખ્ય ભૂમિકા ભજવશે



મુંબઈ, તા.૧૨

&TV સતત તેના દર્શકોને અલગ અલગ પાત્રો અને વારતાઓ બતાવવાનો પ્રયાસ કરે છે. સમાજ પ્રત્યે તે સંપૂર્ણ નવું પરિપ્રેક્ષ્ય રજૂ કરે છે. ચેનલ હવે તેના વહાલા ફિકશન શો અગ્નિફેરા સાથે વધુ એક મોટી છલાંગ લેશે, કારણ કે તેમાં હવે ૨૦ વર્ષની લીપ જોવા મળવાની છે. બિહારની પાર્શ્વભૂમાં શો બે બિન-પારંપરિક કન્યા અને એક નિઃસહાય વરરાજાના પારિવારિક ડ્રામા સાથે શરૂ થાય છે. રાગિણી અને સૃષ્ટિ વિરુદ્ધ વ્યક્તિત્વ સાથે સુંદર સંબંધો રચે છે અને એકત્ર મળીને પોતાના પરિવારને શયતાની બળોથી બચાવવા માટે પ્રયત્નશીલ રહે છે તે વારતાનું હાર્દ છે.

લીપ પછી દર્શકોને નવી પેઢીમાં શોની બે મુખ્ય મહિલા સંપૂર્ણ નવા અવતારમાં જોવા મળવાની છે. બંને અગાઉ કરતાં હવે તદ્દન નવી ભૂમિકામાં જોવા મળવાની છે. યુક્તિ કપૂરે શોમાં અગાઉ રાગિણીની ભૂમિકા ભજવી હતી, જે હવે ઈમાનદાર પોલીસ અગ્નિનું પાત્ર ભજવતી જોવા મળશે, જે ઈમાનદાર હોવા સાથે પોતાની ક્ષમતામાં અંગત અને વ્યાવસાયિક જીવન વચ્ચે ઉત્તમ સંતુલન જાળવવાનો પ્રયાસ કરે છે. ફેશન અને ઓટોમોબાઈલમાં રુચિ રાખતી તેને સુપર કાર્સ અને ફેશન એસેસરીઝ સાથે ખભેખભા મિલાવીને ચાલવાનું ગમે છે. બીજી બાજુ સિમરન કૌર શોમાં સૃષ્ટિ તરીકે પોતાના શિસ્તપ્રિય વલણ માટે ઓળખાતી હતી તે હવે સાક્ષીના રૂપમાં જોવા મળશે, જે એમબીબીએસના મુન્નાભાઈની સ્ત્રી આવૃત્તિ છે. પટનાની ગલીઓમાં રાઉડી તરીકે રાજ કરી રહી છે. તે પોતાને જે પણ સાચું લાગે તે જ કરવામાં માને છે. બંને સ્ત્રી સાહસિક, બહાદુર, મજબૂત મનની છે, જે પોતાના પરિવાર અને સંબંધીઓની આંખોમાં પોતાને સિદ્ધ કરવા માટે કટિબદ્ધ છે.

૨૦ વર્ષની લીપ રસપ્રદ વળાંક સાથે આવે છે. કરણ ગોડવાની મુખ્ય પાત્રમાં છે, જે પોતાની બંને પત્ની અગ્નિ (યુક્તિ કપૂર) અને સાક્ષી (સિમરન કૌર)ની ઈચ્છાઓ પૂરી કરવા માટે મથે છે. વિવિધ ફોર્મેટ્સ અને શોમાં ઘણી બધી નોંધનીય ભૂમિકાઓ ભજવવા સાથે કરણ હવે અગ્નિફેરામાં અવિસ્મરણીય પાત્રમાં દર્શકોનાં મન જીતવા માટે સુસજ્જ છે. કરણ કિશનની ભૂમિકા ભજવશે, જે પરિવારનો વેપાર સંભાળવા સમયે સાક્ષી સાથે તેને સંઘર્ષ થાય છે. દબંગ અને રાઉડી સ્ટાઈલ માટે જાણીતી સાક્ષી કિશન પાસેથી ખંડણી વસૂલ કરવાનો પ્રયાસ કરે છે, જયારે અગ્નિ દરેક વખતે કિશનના બચાવમાં આગળ આવે છે.મુખ્ય પાત્ર ભજવવા વિશે રોમાંચિત કરણ કહે છે, અગ્નિફેરાની ટીમમાં જોડાવા અને પરિવારમાં જોડાવાનો મને ભારે રોમાંચ છે. શોએ પોતાને સ્થાપિત કરી દીધો હોવાથી હું માનું છું કે આમાંથી ઘણું બધું શીખવા મળવાનું છું, જયારે મારી મર્યાદાઓની બહાર નીકળવામાં અને નવાં ક્ષેત્રોની ખોજ કરવાનો મોકો પણ મને મળવાનો છે. મને લાગે છે કે અગ્નિફેરાની વારતા ડ્રામા, હાસ્ય અને એકશન સાથે ઉત્તમ સંમિશ્રણ છે. હું પહેલી વાર સિમરન અને યુક્તિ જોડે કામ કરી રહ્યો છું છતાં તેમની સાથે ઉત્તમ રીતે જોડેલો છું. મને ખાતરી છે કે અમારી વચ્ચે રસપ્રદ કેમિસ્ટ્રી બની રહેશે. મને આશા છે કે શો નવા તબક્કામાં પ્રવેશ કરી રહ્યો છે ત્યારે દર્શકો અમને ટેકો અને ભરપૂર પ્રેમ આપશે.

## તા.૧૭મી ઓકટોબરના રોજ મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણી

# ખંભાત નગરપાલિકા દ્વારા નિર્મિત રૂા. ૧૫ કરોડના ઉપરાંતના વિવિધ વિકાસ કામોનું લોકાપર્ણ-ખાતમુહૂર્ત કરશે

**(મનિષકુમાર વાઘેલા), આણંદ, તા. ૧૨**

આણંદ જિલ્લાની ઐતિહાસિક નગરી નવાબી નગરી ખંભાતના નગરજનોને ખંભાત નગરપાલિકા દ્વારા નિર્મિત કરવામાં આવેલ અનેકવિધ નૂતન પ્રોજેકટોની ભેટ આપવામાં આવી રહી છે. જેનું રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી આગામી તા. ૧૭મી ઓકટોબરના રોજ બપોરના ૩-૦૦ કલાકે રૂા. ૧૫.૭૮ કરોડના ખર્ચે નિર્માણ પામેલ અને આકાર લઇ રહેલ સુવિધાયુકત પ્રોજેકટોનું લોકાપર્ણ અને માદળા તળાવના બ્યુટીફીકેશનના તેમજ આજીવિકા કેન્દ્રના કામનું ખાતમુહૂર્ત કરશે. ત્યારબાદ એક વિશાળ જનસભાને પણ સંબોધન કરશે. ખંભાત નગરપાલિકાના પ્રમુખ યોગેશભાઇ ઉપાધ્યાયે ખંભાતના નગરજનો માટેના ખૂબ ઉપયોગી એવા વિવિધ સુવિધાયુકત પ્રોજેકટોની વિગતો આપતાં કહ્યું કે, રૂા. ૬.૯૫ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ સ્તંભ તીર્થ કોમ્પલેક્ષ કે જેમાં સામાજિક સેવાઓ માટેના આ સંકુલમાં પ્રસુતિ દવાખાનું, લગ્ન સમારોહ માટે બે હોલ, ધર્મશાળા, ફેરિયાઓ માટે રાત્રિ રોકાણ અને કેન્ટીન સહિત બનાવવામાં આવ્યું છે જેમાં સસ્તા દરે મળતી સેવાઓ ગરીબ વર્ગ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ ઉપરાંત શહેરમાં રૂા. ૭૨.૬૭ લાખના ખર્ચે ખંભાત શહેરમાં વેપાર-ધંધાને પ્રોત્સાહન આપવા અને રોજગારીમાં વધારો થાય તે હેતુથી સ્વ.રણજીતરાય શાસ્ત્રી કોમ્પલેક્ષના નામથી શોપીગ સેન્ટર , રૂા. ૩૫૦૪ લાખના ખર્ચે ૧૯૨૧માં બનેલ સ્વીમીગ પુલને આધુનિક સ્વીમીગ પુલ બનાવવામાં આવ્યો છે તેનું, રૂા. ૫૪.૮૪ લાખના ખર્ચે પુસ્તકોના વાંચનના શોખીનો માટે અદ્યતન સુવિધાયુકત પુસ્તકાલયનું, રૂા. ૩૫ લાખના ખર્ચે માદળા બાગને બચાવવા માટે બનાવવામાં આવેલ પ્રોટેકશન વોલનું, રૂા. ૩૧.૮૭ લાખના ખર્ચે દરિયા તરફ જતા માર્ગનું કરવામાં આવેલ રીનોવેશનનું, રૂા. ૧૪.૧૮ લાખના ખર્ચે સુવિધાયુકત ફાયરબ્રિગેડ સ્ટેશનના રીનોવેશનનું, રૂા. ૧.૩૪ કરોડના ખર્ચે ખંભાત શહેરમાં જુદા જુદા વોર્ડ વિસ્તારમાં ફીટ કરવામાં આવેલ ૧૩૨ સી.સી.ટીવી સર્વેલન્સ કેમેરાનું, રૂા. ૯૭ લાખના ખર્ચે નગરમાં એલ.ઇ.ડી. સ્ટ્રીટ લાઇટો નાંખવામાં આવે તેનું તેમજ રૂા. ૨૧ લાખના ખર્ચે શહેરના સરદાર ટાવર ચોક અને શાસ્ત્રી શાક માર્કેટ પાસે ગોઠવવામાં આવેલ બે એલ.ઇ.ડી. સ્ક્રીનનું જયારે રૂા. ૪ કરોડના ખર્ચે શહેરના માદળા તળાળનું બ્યુટીફીકેશન કરવાના કામનું અને શ્રમિક પરિવારોના બાળકો માટે શહેરના અકબરપુરા વિસ્તારમાં ભણાવવા માટે રૂા. ૧૦.૩૯ લાખના ખર્ચે આકાર પામનાર આજીવિકા કેન્દ્રનું મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે લોકાપર્ણ-ખાતમુહૂર્ત કરવામાં આવશે. સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી યુ.ડી.પી. ૮૮ મોડેલ નગરપાલિકા આગવી ઓળખ સ્વર્ણિમ ગુજરાત યોજના, પૂર રાહત, ૧૪મું નાણાં પંચ, મનોરંજન કર વિકાસ ભંડોળ, યુ.ડી.પ.૭૮ કોમ્યુનિટી એસેટના કામે નાણા પંચ તથા નગરપાલિકાના સ્વભંડોળ યોજનાઓના સૌજન્યથી વિકાસ કામોનું આયોજન કરાયું છે. કાર્યક્રમ પૂર્ણ થયેથી ખંભાતના નગરજનો દ્વારા રાત્રે સામુહિક ગરબાનું પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે આણંદ જિલ્લાના પ્રભારી મંત્રી જયદ્રથસિંહ પરમાર, ખંભાતના ધારાસભ્ય મયુરભાઇ રાવલ, સાંસદ દિલીપભાઇ પટેલ અને લાલસિંહ વડોદિયા, અમદાવાદના પૂર્વ મેયર અમિત શાહ, પૂર્વ સાંસદ દિપકભાઇ પટેલ(સાથી), જિલ્લા અગ્રાણી મહેશભાઇ પટેલ સહિત અગ્રાણીઓ ઉપસ્થિત રહેશે. ખંભાત ખાતે યોજાનાર મુખ્ય મંત્રીના લોકાપર્ણ-ખાતમુહૂર્ત કાર્યક્રમ માટે ટીમ નગરપાલિકા ખંભાત વતી નગરપાલિકાના ઉપપ્રમુખ શારદાબેન રાણા, બાંધકામ કમિટિના ચેરમેન પીન્કીબેન રાણા, એકઝી.કમિટિના ચેરમેન અશોકભાઇ ખલાસીએ જાહેર જનતાને આમંત્રણ પાઠવ્યું છે.

## તા.૧૫મીના રોજ ઉમરેઠ વિધાનસભા મતદાર વિભાગમાં

# દિવ્યાંગ મતદાર નોંધણી અંગેનો ખાસ કેમ્પ ઉમરેઠ ઓડ અને બોરીઆવી ખાતે યોજાશે

**(મનિષકુમાર વાઘેલા), આણંદ, તા. ૧૨**

ભારતીય ચૂંટણી પંચ દ્વારા હાલ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ તા. ૧/૯/૧૮ થી તા. ૧૫/૧૦/૧૮ સુધી જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત જિલ્લામાં જિલ્લા કલેકટર દિલીપ રાણાના માર્ગદર્શન હેઠળ બુથ લેવલ ઓફિસર દ્વારા મતદારોની નોંધણી તથા અન્ય સુધારાત્મક કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

જેના ભાગરૂપે આણંદ જિલ્લાના ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતદાર વિભામાં સમાવિષ્ટ ઉમરેઠ તથા આણંદ તાલુકાના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં રહેતા દિવ્યાંગ મતદારો માટે ખાસ મતદાર નોંધણી તથા અન્ય સુધારાત્મક કામગીરી માટે તા. ૧૫/૧૦/૧૮ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે ઉમરેઠ ખાતે એસ.એન.ડી.ટી પાસે આવેલ સંતરામ વિદ્યાલય ખાતે ઓડ ખાતે સરદાર પટેલ વિનય મંદિર ખાતે અને બોરીઆવી ખાતે પ્રાથમિક કુમાર શાળામાં ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે જેનો સંબંધિત મતદારોને લાભ લેવા ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મદતાર વિભાગના મતદાર નોંધણી અધિકારી અને જિલ્લા પુરવઠા અધિકારી ગોપાલ બામાણિયાએ અનુરોધ કર્યો છે.

# આણંદ એ.આર.ટી.ઓ.એ. પાંચ બાકીદારોને વાહન કર દંડ અને પેનલ્ટીની રકમ ભરપાઇ કરવા નોટીસ પાઠવી

**(મનિષકુમાર વાઘેલા), આણંદ, તા. ૧૨**

મુંબઇ મોટર વ્હિકલ ટેક્ષ એકટ-૧૯૫૮ની જોગવાઇઓ હેઠળ અમદાવાદના નારણપુરાના ઠાકોરવાસમાં રહેતા ગલાજી લક્ષ્મણસિંહ ઠાકોર, નાગાલેન્ડના એ.એમ.રોડ પરના અશોકભાઇ વાલાભાઇ ગેવારીયા, ભાવનગરના ગોધા રોડ ઉપર શિવશકિત સોસાયટી, સમર્પણ સોસાયટી ખાતે રહેતા મુકેશભાઇ મોહનભાઇ પટેલ, રાજસ્થાનના ઉદેપુર ખાતે રહેતા લક્ષ્મીલાલ મગનલાલ મેનારિયા અને ગાંધીનગર જિલ્લાના પેથાપુર ખાતે જગદીશભાઇ ચંદુભાઇ મહેતાને આણંદના સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીએ નોટીસ પાઠવી તેઓનું વાહન ઉકત કાયદાની કલમ-૧૨ બી હેઠળ ડીટેઇન કરેલ છે અને વાહન કર દંડ પેનલ્ટી વિગેરેની બાકી લેણી રકમ ભરપાઇ કરવા એક થી વધુ વખત નોટીસ પાઠવવામાં આવી હોવા છતાં લેણી રકમ ભરવા દ્વારા આ બાકીદારોએ કોઇ દરકાર કરેલ ન હોઇ કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસાર તા. ૧૭/૧૦/૨૦૧૮ સુધીમાં લેણી રકમ ભરવા અંગેની આખરી તક આપી છે. આ તારીખ પછી આ બાકીદારોનો કોઇ હકકદાવો રહેશે નહી અને તેમ કરવામાં કસુર થશે તો વાહન રાજયસાત કરી વાહનની હરાજી-વેચાણ કરી બાકી લેણી વસુલ કરવામાં આવશે જેની પણ ગંભીર નોંધ લેવા આણંદના સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

## આજથી દર શનિવાર અને રવિવાર રાત્રે ૯ વાગ્યે

# અદ્દભુત સિંગીગ રિયાલિટી શો સા રે ગા મા પા # Music SeBaneHum ઝી ટીવી પર પ્રસારિત થશે!

મુંબઈ, ૧૨

કેટલાક શો પ્રસિદ્ધ થાય છે, કેટલાક શો કલ્ટ સ્ટેટસ મેળવે છે, પરંતુ ફક્ત કેટલાક જ એવા છે, જે સંસ્થા બને છે. ઝી ટીવીનો આવો જ એક પ્રણેતા શો સા રે ગા મા પાએ એક આવું જ પ્રસિદ્ધ પ્લેટફોર્મ છે, જે ભારતીય ટેલિવિઝન પરના પ્રતિભા આધારીત રિયાલિટીશો માટેનો પ્રણેતા અને ક્રાંતિ લાવતો લેન્ડસ્કેપ છે. ચેનલની ફિલોસોફી આજ લિખેંગે કલને શરૂ કર્યા પહેલાથી જ શોએ પેઢી દર પેઢી ઉભરતા ગાયકોને તેમના સોનેરી અવાજને સંભળાવવાની તથા સંગીતની દુનિયામાં તેમની અદ્દભુત કારકીર્દી બનાવવાની તક આપી છે. સોનુ નિગમ, શ્રેયા ઘોષાલ, શેખર રવજિયાની, કુનાલ ગાંજાવાલા સંજીવની, રણજીત રજવાડા, કમાલ ખાન કે અમાનત અલી દરેકને સંગીતની દુનિયમાં તેનો પ્રથમ બ્રેક આપ્યો છે અને આ ગાયકીના મક્કાએ તેમને ભવ્ય સફળતા આપી છે. સિઝન દર સિઝન શોમાં ફક્ત કંઈક નવું સંગીત જ નથી આવતું, પરંતુ સમગ્ર દેશને સાથે લાવીને શુદ્ધ અને અનિયંત્રીત ગાયક માટે સાથે લાવે છે. સા રે ગા મા પા લીટલ ચેમ્પની ગત વર્ષે ભવ્ય સફળતા બાદ, ઝી ટીવી તેના આ પ્રતિકાત્મક ગાયકી રિયાલિટી શોની વધુ ક નવી અને અદ્દભુત સિઝન લઈને આવી રહ્યું છે. સંગીત બધાને માટે છે, તેવા મુખ્ય વિચારની સાથે #MusicSeBaneHum વિચાર ધારાને લઈને આ નવી સિઝનની ઉજવણી કરે છે, જે સંગીતને એક વૈશ્વિક ભાષા ગણીને તે સમગ્ર માનજાતિને એકસુત્રમાં બાંધે છે અને વિકાસની તરફ આગળ વધારે છે. એક મજબુત સંદેશો દરેકને પહોંચાડે છે અને જાતિ, ધર્મ, રંગ, સમુદાય અને જાતિયતાથી આગળ વધીને સા રે ગા મા પામાં પ્રતિભા પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. શોની આ ફિલોસોફી તેની કેચી



પ્રસ્તાવના #MusicSeBaneHum અને ક્લટર બ્રેકઇંગ જિંગલ હારેગા ભાઈ હારેગા, જે ભેદભાવને દૂર કરીને સંગીતને એક વિશેષાધિકાર તરીકે જાહેર કરે છે, તે માત્ર વિજેતાઓને જ ઓળખ છે કે, અને તેનાથી વધુ આગળ સાચી પ્રતિભાને દર્શાવે છે. એસેલ વિઝન દ્વારા પ્રોડ્યુસ સા રે ગા મા પાનું પ્રિમિયર ૧૩ ઓક્ટોબરના રોજ યોજાશે અને તે, દર શનિવાર અને રવિવાર રાત્રે ૯ વાગ્યે ઝી ટીવી પર પ્રસારિત થશે.

ઝી ટીવીની બિઝનેસ હેડ અપર્ણા ભોસલે કહે છે, અમારા અત્યંત પ્રસિદ્ધ બાળકોના અભિનય આધારીત ટેલેન્ટ હંટ-ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝના અંતની સાથે અમે હવે, દર્શકોની સામે સા રે ગા મા પાની અત્યાધિક સિઝન રજૂ કરી રહ્યા છીએ, જે ગાયકીમાં તેના સોનેરી માપદંડ સેટ કરીને લોકોને એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ શોએ અત્યંત કડક અને વિશ્વસનિયતાની સાથે દેશને અદ્દભુત ગાયકો પૂરા પાડ્યા છે. આ નવી સિઝનમાં સા રે ગા મા પાએ ભેદભાવનો દૂર કરીને દરેકને સંગીતની સાથે જોડ્યા છે, કારણકે, તે એક વૈશ્વિક ભાષા છે, જેના માટે તેની પ્રસ્તાવના #MusicSeBaneHum નક્કી કરી છે. ભેદભાવના અવરોધોને છોડવાની સાથે, આ સિઝનમાં વયના માપદંડોને પણ છોડ્યા છે. જજો દ્વારા એક ગેના આઈકોન એવા સુશાંત દિવ્ગીકરની પણ સ્પર્ધક તરીકે પસંદગી કરવામાં આવી છે, જે સંપૂર્ણરીતે તેના અવાજની ક્ષમતા આ સિઝનની ભાવને રજૂ કરે છે. અમે અત્યંત કડક માર્કેટિંગ કેમ્પેઈન પણ ચાલુ કર્યુ છે, જે દરેક ભારતીય રાજકીય પાર્ટીની પેરોડી છે, જેનું નામ છે,"રાષ્ટ્રિય સંગીત પાર્ટી , આ એક મેનિફેસ્ટો છે, જે ભેદભાવના લેબલને દૂર કરે છે અને લોકોને તેની પ્રતિભાની ઉજવણી કરવા અને સંગીત માટે તેનો પ્રેમ બતાવવા માટે સાથે લાવે છે. શોના જજએ આ કેમ્પેઈનને સપોર્ટ કરીને તેને વેગ આપ્યો છે, ઉપરાંત પાર્ટીના મુખ્ય નીતિને શક્તિશાળી ટ્વિટ દ્વારા પણ જાહેર કરી છે.

તૈયાર થઈ જાવ સા રે ગા મા પાના આ સુમધુર પ્રવાસમાં જોડાવા માટે જેનું પ્રિમિયર ૧૩ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ રાત્રે ૯ વાગ્યે થશે અને દર શનિવાર-રવિવારના રોઝ ફક્ત ઝી ટીવી પ્રસારીત થશે.

## સુરતથી સીધા સમાચાર

# બારડોલીના સેજવાડ, કણાઈ અને મહુવાના કાની અને જોળ ગામની તા.૨૨મીએ ચૂંટણી

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

રાજ્ય ચૂંટણી આયોગના દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત સુરત જિલ્લાના બારડોલી તાલુકાની સેજવાડ તથા કણાઈ, મહુવાના કાની તથા જોળ એમ ચાર ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણીઓ આગામી તા.૨૨/૧૦/૧૮ના રોજ યોજાનાર છે. આ ચુંટણી પ્રક્રિયાને આચાર સંહિતાની જાગવાઈઓનો અમલ કરવા અને લોકોની માલ, મિલ્કતને તેમની ઈચ્છિત વિરુધ્ધ થતું નુકશાન, હાની, બગાડ અટકાવવાના હેતુંથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ.ડી.વસાવાએ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

જાહેરનામાં પ્રમાણે ઉપરોકત ગ્રામ પંચાયતોના વિસ્તારોમાં કોઈ પણ રાજકીય પક્ષો તથા ઉમેદવારોને કે તેઓના કાર્યકરોએ ઉપરોકત વિસ્તારમાં આવેલી જાહેર કે ખાનગી મકાન, મિલ્કત, જમીન, દિવાલ કે કંપાઉન્ડનો તે મિલ્કત ધારણ કરનાર અધિકૃત વ્યક્તિ કે માલિકની પરવાનગી સિવાય ચૂંટણી લક્ષી પ્રચાર માટે ધ્વજ/પતાકા લગાડવા, બેનરો લટકાવવા, નોટીસો ચોદ્વટાડવા, સૂત્રો/ નિશાનીઓ લખવા વિગેરે પ્રકારનું કોઈપણ ચૂંટણીલક્ષી પ્રચાર

આભાર - નિહારીકા રવિયા

માટેનું કૃત્ય કરી મિલ્કતને હાની, નુકશાન કે બગાડ કરવો નહી કે કરવા દેવો નહીં. જાહેર કે ખાનગી મકાનોની દિવલો પર સુત્રો લખવા, પોસ્ટર ચોટાડવા, પ્રચાર સામગ્રી ચોટાડવા અંગે સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. એક રાજકીય પક્ષના કાર્યકરો કે ટેકેદારોએ અન્ય રાજકીય પક્ષો દ્વારા આયોજીત કરવામાં આવેલી સભામાં તેમના પોતાના પક્ષનું સાહિત્ય વિતરણ કરી ખલેલ કરશે નહી તેમજ એક પક્ષ દ્વારા લગાવવામાં આવેલા પોસ્ટર બીજા પક્ષના કાર્યકરો કે ટેકેદારો દુર કરી શકશે નહી. જાહેર મકાન એ શબ્દ પ્રયોગ બાબતમાં જણાવવામાં આવ્યું છે કે, આ શબ્દ મિલ્કત, ધોરીમાર્ગ, અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા, તેના ચેતવણીરૂપ નોટિસ બોર્ડ, રેલવે પ્લેટફોર્મ, બસ ટર્મીનલના કોઈપણ પ્રકારના બોર્ડ કે, જાહેર જનતાના સગવડ માટે પ્રદર્શિત કરેલા અન્ય કોઈપણ પ્રકારના બોર્ડનો સમાવેશ થશે. આ જાહેરનામું તા.૨૯/૧૦/૨૦૧૮ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# સુરતમાં આંતરરાષ્ટ્રીય ગર્લ્સ ચાઈલ્ડ દિન ઉજવણી અંગે વિશેષ કાર્યક્રમ યોજાયો

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ અને ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી તથા યુનિસેફના સંયુકત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય ગર્લ્સ ચાઈલ્ડ દિનની ઉજવણી મેયર જગદીશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સુમુલડેરીના ઓડિટોરીયમ ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ પ્રિતીબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. બાળકોના અધિકારોનું સંરક્ષણ થાય, બાળસુરક્ષા અધિનિયમ, કાયદા, નીતિઓની જાણકારી મળી રહે તે માટે તેવા આશયથી આંતરરાષ્ટ્રીય ગર્લ્સ ચાઈલ્ડ દિનની ઉજવણી કરવામાં આવે છે. આ વેળાએ મેયરશ્રી જગદીશભાઈ પટેલે જણાવ્યું હતું કે, બાળક એ સમાજનું પાયાનું અભિન્ન અંગ છે. તંદુરસ્ત, સુરક્ષિત અને સુશિક્ષિત બાળકો થકી જ સમાજનું નિર્માણ થાય છે. દિકરીના અધિકારોનું સંરક્ષણ થાય તે આપણી સૌની જવાબદારી છે. સમયની સાથે નવા પડકારો ઉભા થઈ રહ્યા છે. સમગ્ર સમાજ અને રાષ્ટ્રએ વિચારમંથન કરીને દિકરીઓ પ્રત્યે ભેદભાવભરી માનસિકતા બદલવાની જરૂર છે. બાળકોના અધિકારો પ્રત્યે સજાગતા ત્યારે જ બનશે જયારે વ્યકિતમાં અંતઃસ્ફુરણા ઉદ્દભવશે તેમ મેયરે જણાવ્યું હતું. આ પ્રસંગે સુમુલડેરીના ચેરમેન રાજુભાઈ પાઠકે બાળકોના સર્વાંગી વિકાસ માટે સકારાત્મક વાતાવરણ મળે તેવા પ્રયત્નો કરવા સમગ્ર સમાજે જાગૃત થવાનો અનુરોધ કર્યો હતો. આ વેળાએ બાળ સંરક્ષણ આયોગના સભ્યશ્રી હર્ષદભાઈ ચૌધરીએ જણાવ્યું કે, બાળકોને લગતા કાયદાઓ, નીતિઓ, કાર્યક્રમો અને વહીવટી માળખાનો અમલ કરવા માટેના કાર્યો બાળ આયોગ કરી રહ્યું છે. સમાજમાંથી બાળકો પ્રત્યેની સકુંચિતતા દુર થાય બાળકો સામે થતા અત્યાચારો સામે કડક કાર્યવાહી થાય તેવા આયોગના કાર્યોની રૂપરેખા તેમણે આપી હતી. આ પ્રસંગે બાળકોના અધિકારો, કાયદાઓ, હાલની પરિસ્થિતિ, નીતિઓની વિસ્તૃત વિગતો આપી બાળકોને નૈતિકતા અને સંરક્ષણના ગુણોનું નિર્માણ થાય તેવા પ્રયાસો કરવાનો અનુરોધ તેમણે કર્યો હતો. આ ઉજવણીમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી લાલજીભાઈ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી જયેન્દ્રભાઈ ઠાકોર તેમજ મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

## મીંઢોળા નદી પટમાં હત્યા કરી ફેંકી દેવાયેલી લાશ મળી આવી

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

બારડોલી- મીંઢોળા નદીના એક ખાડામાં ૪૦ વર્ષના એક યુવાનની ઘાતકી હત્યા કરી નાખી દઈ અજાણ્યો ઈસમ ફરાર થઈ ગો હોવાનો બનાવ બારડોલી પોલીસ મથકે નોંધાતા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બારડોલી ભારત બેકરી પાછળ આવેલા આશિયાના નગર ખાતે રહેતા આરીફ રફીક પટેલે બારડોલી પોલીસ મથકમાં નોંધાવેલી એક પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતુ કે, ૪૦ વર્ષનો સલીમ નામના ઈસમને ગતરોજ કોઈ બોથડ પદાર્થ વડે હુમલો કરી શરીરમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હત્યા કરી નાખી હતી. હત્યા કરાયેલ લાશને બારડોલી મીંઢોળા નદીના એક ખાડામાંથી અજાણ્યો ઈસમ ફરાર થઈ ગયો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## બુલેટ ટ્રેન અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય વળતરની ખાતરી આપવાની માંગણી

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

વિરોધના સૂર વચ્ચે અમદાવાદ-મુંબઇ બુલેટ ટ્રેન પ્રોજેકટ માટે ચાલી રહેલી જમીન સંપાદનની કામગીરી અંતર્ગત અસરગ્રસ્ત ખેડૂતોને તેમની જમીન અને મિલકત માટે યોગ્ય વળતર મલી રહે તે માટે કલેકટર અને નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિ. ના ડાયરેકટરને રજૂઆત કરવામાં આવી છે. દેશના પ્રથમ એવા અમદાવાદ-મુંબઇ બુલેટ ટ્રેન પ્રોજેકટ માટે વિરોધના શૂર વચ્ચે હાલમાં જમીન સર્વેઅને સંપાદનની કામગીરી ચાલી રહી છે. સુરત સહિત રાજયના જે-જે જિલ્લામાંથી બુલેટ ટ્રેન પસાર થવાની છે તે તમામ જિલ્લાના ખેડૂતોના કેટલાક ખેડૂતોએ કોર્ટના દરવાજા પણ ખટખટાવ્યા છે. પરંતુ પ્રોજેકટને સાકાર કરવા માટે સરકાર હાલમાં અસરગ્રસ્ત ખેડૂતોને તેમની જમીન અને મિલકત પેટે વળતર વધુ આપે તેવી માંગણીઓ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત સુરત જિલ્લા પંચાય સભ્ય દર્શન નાયકે જિલ્લા કલેકટર ડો. ધવલ પટેલ અને નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિ. ના ડાયરેકટરને રજૂઆત કરી યોગ્ય વળતર માટેની ખાતરી આપવાની માંગણી કરી છે.

## સુરત મહાનગરપાલિકા દ્વારા અઠવા પાર્ટી પ્લોટ પર ફુડ ફેસ્ટિવલ શરૂ કરાયો

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦-૧૦-૨૦૧૮ થી તા.૧૮-૧૦-૨૦૧૮ દરમ્યાન કૃષ્ણકુંજ અઠવા પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ સુરત ખાતે ફૂડ ફેસ્ટિવલનું આયોજન દરરોજ સાંજે ૬.૦૦ કલાકથી રાત્રે ૧૧.૦૦ કલાક સુધી કરવામાં આવેલ છે. સુરત શહેરની સ્વાદપ્રિય તથા ઉત્સવપ્રિય જનતાને એક જ સ્થળે વિવિધ વાનગીઓના રસાસ્વાદ સાથે રાસ, ગરબા, ઓરકેસ્ટ્રા, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન દરરોજ સાંજે ૭.૩૦ થી રાત્રે ૯.૩૦ કલાક દરમ્યાન કરવામાં આવેલ છે.

તા.૧૦-૧૦-૨૦૧૮ના રોજ સાંજે ૬.૦૦ કલાકે મેયર ડૉ. જગદીશ પટેલના પ્રમુખપણા હેઠળ, સાંસદ દર્શનાબેન જરદોશના મહેમાન પદે, માન.ધારાસભ્ય ઝંખનાબેન પટેલ, ડે.મેયર નિરવ શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષ અનિલભાઈ ગોપલાણી, દંડક દક્ષાબેન જરીવાલાની અતિથિ વિશેષ ઉપસ્થિતિમાં સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા રશ્મિકાબેન પટેલ અને આરોગ્ય સમિતિ અધ્યક્ષ દિગ્વિજયસિંહ બારડના હસ્તે ફુડ ફેસ્ટિવલને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આસો નવરાત્રિ મહોત્સવ આદ્યશક્તિના નવ સ્વરૂપના આરાધનાનું પર્વ હોય, પ્રથમ માતાજીની આરતી ઉતારી હતી. ત્યારબાદ મહિલા ધારાસભ્ય, મહિલા ચેરમેનો, મહિલા મ્યુ. સદસ્યો ગરબે ઘુમ્યા હતા.

## પીપલનેરમાં સુરતની આંગડીયા પેઢીના કરોડો રૂપિયાની લૂંટ

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

મહારાષ્ટ્રના જલગાંવથી રોકડ રકમ લઈ અને સુરત તેમજ અમદાવાદ ઓફિસમાં રોકડા રૂપિયાની ડિલીવરી આપવા આવી રહેલા સુરતની આંગડીયા પેઢીના બે કર્મચારીને મહારાષ્ટ્રના પિપલનેર નજીક બંદૂકની અણીએ લૂંટી લેવામાં આવ્યા હતા. મોટી રોકડ રકમ લૂંટીને પલાયન થયેલી લૂંટારૂ ટોળકી પાસે સુરત પાસિંગની ઈનોવા ગાડી હતી અને આ ઘટનામાં સુરતની જ કોઈ ટોળકીના સભ્યો સામેલ હોવાનું પોલીસનું અનુમાન છે.

પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સુરતની એક આંગડીયા પેઢીની ઓફિસ મહારાષ્ટ્રના જલગાંવ ખાતે પણ આવેલી છે. ગતરોજ સાંજે જલગાંવ ઓફિસ પરથી આંગડીયા પેઢીના હરીશભાઈ પટેલ અને મેહુલભાઈ પટેલ નામના મૂળ સુરતના બે વ્યક્તિ ગાડીમાં રોકડા રૂપિયા ૨ કરોડથી વધુની રકમ લઈને સુરત તેમજ અમદાવાદ ઓફિસમાં કેશ જમા કરાવવા માટે નીકળ્યા હતા. મેહુલ અને હરીશભાઈ પીંપલનેર નજીક રાયપુર જામતલાવ ગામની સીમમાંથી પસાર થતા હતા. ત્યારે તેમને સુરત પાસિંગની ઈનોા ગાડી નંબર જીજે-૫-સીએલ-૨૨૪૩માં આવેલ છ વ્યક્તિએ આંતરી ઉભા રાખ્યા હતા. આ અજાણ્યા યુવાનોએ હરીશભાઈ તેમજ મેહુલભાઈને બંદૂક અને છરીની અણીએ ધાક બતાવીને તેમની ગાડીમાં રહેલા રોકડા રૂા.૨ કરોડથી વધુની રકમ ભરેલી બેગ લૂંટી લીધી હતી. બાદમાં ઈનોવા કાર મારફત જ નાસી છુટ્યા હતા.

## ગાઢ ધુમ્મસના કારણે સવારે સુરત આવતી બે ફલાઈટો અમદાવાદ ડાયવર્ટ

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

આજે મળસ્કે શહેરમાં ભેજનું પ્રમાણ વધતા અત્યંત ધુમ્મસભર્યુ વાતાવરણથી એરપોર્ટ ખાતે વિજીબીલિટી ૧૦૦ મીટર કરતા પણ ઓછી હોવાથી મુંબઈ-સુરત અને દિલ્હી સુરત ફલાઈટને ડાયવર્ટ કરવામાં આવી હતી.

સુરત એરપોર્ટના મેનેજર શર્માના જણાવ્યા અનુસાર આજે સવારે એરપોર્ટ વિજીબીલિટી ખુબ જ ઓછી હતી. ૧૦૦ દૂર સુધી પણ જોઈ શકાય તેવું ન હોવાથી એરપોર્ટ પર પ્લેન લેન્ડિંગ જોખમ લેવાનું ટાળવછામાં આવ્યું હતું. સવારે મુંબઈથી સુરત માટે રવાના થયેલ એર ઈન્ડિયાની ફલાઈટને સુરતથી પાછી મુંબઈ ડાયટર્વ કરવામાં આવી હતી. દિલ્હીથી સુરત માટે આવેલ ઈન્ડિગોની ફલાઈટ પણ અમદાવાદ ખાતે ડાયવર્ટ કરવામાં આવી હતી. એરપોર્ટ ઉપર સવારે નવ વાગ્યા બાદ ધુમ્મસની ચાદર દૂર થતા વિજીબીલિટી ક્લિપ થવાની સાથે મુંબઈ અને અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવેલ. ફલાઈટને સુરત લેન્ડ કરાઈ હતી. ગત બે દિવસ અગાઉ ૧૦મી ઓક્ટોબરના રોજ ધુમ્મસભર્યા વાતાવરણથી બે ફલાઈટ ડાયવર્ટ થઈ હતી. આજે પાછી બે ફલાઈટ ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી. જેના મુસાફરોને મુશ્કેલી નડવાની સાથે શિડયુલ ખોરવાયું હતું.

## કિમમાં હિરાપન્ના સોસાયટીના રૂમમાંથી સ્ત્રી અને પુરુષના મૃતદેહો મળી આવ્યા

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

આજે સવારે કિમ ખાતે આવેલ હિરાપન્ના સોસાયટીમાં આવી ખોલીમાંથી પુરુષ અને મહિલાની લાશ મળી આવી હતી. બનાવની જાણ થતા જ પાડોશીઓએ પોલીસનો સંપર્ક કર્યો હતો. બન્નેના મોતનું સાચું કારણ પી.એમ. રિપોર્ટ બાદ જાણવા મળશે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ કિમ ખાતે આવેલ હિરાપત્ના સોસાયટીમાં આવેલ ખોલીઓમાં ભાડેથી રહેતા વ્યકિતની લાશ મળી આવી હતી. વલ્લભભાઈ દામજીભાઈ પરમાર ઉ.વ. ૫૫ ભાડેથી રહેતો હતો તેની સાથે એક મહિલા પણ રહેતી હતી. બન્ને મૃત હાલતમાં મળી આવતા પાડોશીઓએ પોલીસને જાણ કરી હતી. કિમ પોલીસ ઘટના સ્થળે આવી લાશનો કબજો લઈ તપાસ હાથ ધરી છે. પાડોશીઓ પોલીસના ડરથી મકાન બંધ કરી નાસી છૂટયા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ કે વલ્લભભાઈની પત્નીનું અવસાન થયા બાદ તે આ રૂમમાં કોઈ મહિલા સાથે રહેતો હતો. વલ્લભભાઈ અને આશરે ૪૮ વર્ષની ઉમરવાળી મહિલા વચ્ચે શું સંબંધ હતો અને બન્નેના મોતનું શું કારણ છે તે જાણી શકાયું નથી. મહિલાના સંબંધીઓને બોલાવ્યા છે ત્યારબાદ તેણીની ઓળખ થઈ શકશે. હાલ પોલીસે આપઘાતનો ગુનો નોંધી પીએમ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. ઘટના સ્થળે થતી ચર્ચા મુજબ વલ્લભભાઈ દ્વારા મહિલાનું ગળુ દબાવી હત્યા કર્યા બાદ જાતે આપઘાત કરી લીધો હોય તેવી શક્યતા વ્યકત કરાઈ હતી. પી.એમ. રિપોર્ટ બાદ બન્નેના મોતનું સાચું કારણ જાણવા મળશે.

## ટ્રાફિક પોલીસ તેમજ ટ્રાફિક બ્રિગેડના જવાનોને પોલીસે તાલીમબધ્ધ કર્યા

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

શહેર પોલિસ વિભાગ દ્વારા ટ્રાફિક પોલિસ અને ટ્રાફિક બ્રિગેડના જવાનોની કાર્યક્ષમતા વધે તે હેતુથી પોલિસ કમિશ્નર કચેરી તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. ટ્રાફિક પોલીસના જવાનોનો આત્મવિશ્વાસ સુધારવા અને વાહનચાલકો સાથે ઘર્ષણ રોકવા માટે જવાનોને તાલીમબદ્ધ કરાયા હતા.

જિલ્લા રોડ સેફ્ટી કો-ઓર્ડીનેટર અને ટ્રેનરશ્રી બ્રિજેશ વર્માએ ટ્રાફિક પોલીસના જવાનોનો આત્મવિશ્વાસ વધારવા અને વાહનચાલકો સાથે ઘર્ષણ રોકવા માટે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ઘણાં વાહનચાલકો શિક્ષિત તેમ જ સમાજના સાધનસંપન્ન વર્ગમાંથી હોવા છતાં તેમનામાં શિસ્ત અને કાયદાનું પાલન કરવાની વૃત્તિનો અભાવ જોવા મળે છે. તેમને કાયદાનું પાલન કરવામાં કોઈ રૂચિ નહી હોવાથી શહેરમાં વાહન ચલાવનાર દરેક વ્યકિતને ટ્રાફિકની સમસ્યા વકરતી જતી હોવાનો અહેસાસ થાય છે. તેમણે ટ્રાફિકના નિયમોના પાલન અંગે વાહનચાલકોને જાગૃત્ત કરવાનો ટ્રાફિક પોલિસ જવાનોને અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં ટ્રાફિક પ્લાનિંગના એ.સી.પી.શ્રી ઝેડ.એ. શેખ, ટ્રાફિક પી.આઈ.શ્રી પઠાણ, ટ્રાફિક પ્લાનિંગના પી.એસ.આઈ. શ્રી એન.એમ.પરમાર સહિત ટ્રાફિક પોલિસ જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગરથી સીધા સમાચાર



ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં ગુજરાતના યુવા ગાયક પ્રહર વોરા અને સંપદા વોરા એ ધૂમ મચાવી હતી. શાસ્ત્રીય રાગ પર આધારિત અને આપણા પરંપરાગત ગરબા ખેલૈયા અને હજ્જારો પ્રેક્ષકો એ મન ભરીને માણ્યા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં આજે ગાંધીનગરના મેયર પ્રવીણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, ગુડાના પૂર્વ અધ્યક્ષ આશિષભાઈ દવે અને ગુજરાતના વન વિભાગના વરિષ્ઠ અધિકારી અગ્રવાલ, ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અખંડ ભારતની અનોખી વૈશ્વિક ઓળખ સ્ટેચ્યુ ઓફ યુનિટી

# એક ભારત શ્રેષ્ઠ ભારત ની પરિકલ્પનાને સાકાર કરવામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી શ્રેષ્ઠ માધ્યમ બની રહેશે : મંત્રી વિભાવરીબેન દવે

(માહિતી બ્યુરો) ગાંધીનગર.તા.૧૨

શિક્ષણ રાજય મંત્રી વિભાવરીબેન દવેએ જણાવ્યું છે કે, દેશની એક્તા અને અખંડિતતાને મજબૂત કરવામાં સરદાર વલ્લભભાઈ પટેલનો સિંહ ફાળો રહ્યો છે ત્યારે તેમને વૈશ્વિક ઓળખ અપાવવા માટે ગુજરાત સરકારે વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની સરદાર સાહેબની ભવ્ય પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કર્યુ છે. આ પ્રતિમા એક ભારત શ્રેષ્ઠ ભારતની પરિકલ્પનાને સાકાર કરવામાં શ્રેષ્ઠ માધ્યમ બની રહેશે.



સરદાર સાહેબના જીવન-કવનની વાતો વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવાના ઉદેશથી ગુજરાતનીઁ નર્મદા પરિયોજના નજીક સાધુ બેટ ખાતે આ પ્રતિમા નિર્માણ પામી છે જેનું આગામી તા.૩૧મી ઓક્ટોબરે ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી રાષ્ટ્રર્પણ કરનાર છે. આ સ્ટેચ્યુના નિર્માણનો વિચાર પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ કર્યો હતો જે આજે પરિપૂર્ણ થઈ રહ્યો છે. પ્રતિમાના નિર્માણમાં દેશભરના રાજયોની માટી, જળ અને કિસાનોના લોખંડના ઓજારોનો ઉપયોગ થયો છે ત્યારે આ ઐતિહાસિક અવસરમાં સહભાગી થવા માટે રાજયના મંત્રીમંડળના સભ્યોનું પ્રતિનિધિ મંડળ વિવિધ રાજયોના પ્રવાસે જઈ આમંત્રણ આપી રહ્યા છે.

આજે શિક્ષણ રાજય મંત્રી વિભાવરીબેન દવેના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિ મંડળે ત્રિપુરા રાજયની મુલાકાત લઈ રાજયપાલ કપ્તાનસિંઘ અને મુખ્યમંત્રી બિપ્લવકુમાર દેવને રૂબરૂ મળીને સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત માટે ગુજરાત આવવા નિમંત્રણ પાઠવ્યું હતું. મંત્રીશ્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ પ્રક્રિયાથી માંડીને તૈયાર થઈ ગયેલ પ્રતિમાની વિસ્તૃત વિગતો આપી હતી. તેમજ સરદાર સાહેબના સંસ્મરણો તાજા કર્યા હતા. આ વેળાએ તેમની સાથે ધારાસભ્યો કુબેરભાઈ ડિંડોળ, લખાભાઈ સાગડીયા, અરવિંદભાઈ રાણા, વિવેકભાઈ પટેલ, શિક્ષણ વિભાગના સચિવ વિનોદ રાવ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ત્રિપુરામાં વસતા ગુજરાતીઓએ પણ મંત્રી સાથેના પ્રતિનિધિ મંડળનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું. મંત્રી દવેએ ગુજરાતી સમાજના લોકો, ત્રિપુરાવાસીઓ સાથે બેઠક કરીને તેઓને પણ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેવા ભાવભર્યુ નિમંત્રણ આપ્યું હતું.

મંત્રી દવેએ આ મુલાકાત બાદ ત્રિપુરા ખાતે પત્રકારોને સંબોધતા કહ્યું હતું કે, આઝાદી બાદ ભારતને એક બનાવવા માટે ૫૬૨ રજવાડાઓને એક કરવાનું ખૂબજ મુશ્કેલ અને અશક્ય કામને સરદાર સાહેબે કુનેહપૂર્વક પાર પાડ્યું હતું. તેમની આગવી દ્રષ્ટિ-કુનેહ-કુશળતાથી વિવિધ સંસ્કૃતિ અને વિવિધ બોલીઓ ધરાવતા પ્રાંતોને એક કરીને ભારતને એક બનાવ્યુ હતું. ગુજરાતના આ પનોતા પુત્રને વૈશ્વિકસ્તરે વધુ નામના મળે અને લોકો તેમના જીવન-કવનથી વાકેફ થાય તે માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ ૧૮૨ મીટરની ચી પ્રતિમાનું સપનું જોયુ હતુ તે સાકાર થઈ ગયું છે. આ પ્રતિમા પર્યટકો માટે આકર્ષણનું સ્થળ બની રહેશે. પ્રતિમાની આજુબાજુ વિવિધ રાજયોના અતિથી ભવન, ફલાવર્સ વેલી, વિઝીટર ગેલેરી, મ્યુઝીયમ સહિતની સુવિધાઓ તૈયાર થશે જે નિહાળવાનો અવસર આપ સૌને મળે તે માટે રાજય સરકાર વતી આપ સૌને આમંત્રણ છે. જેમાં વધુને વધુ લોકો ગુજરાત આવે તે માટે મંત્રીએ આ પ્રસંગે અપીલ કરી હતી.

## લઘુત્તમ ટેકાના ભાવથી સરકાર ખેડૂતો પાસેથી સીદી ડાંગરની ખરીદી કરશે

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

રાજયય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ખરીફ માર્કેટિંગ સીઝન ૨૦૧૮-૧૯ અંતર્ગત ડાંગર, મકાઈ અને બાજરાની ખરીદી તા.૧૬/૧૦/૧૮થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમિયાન ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમના નિયત કરેલા ખરીદ કેન્દ્રો ઉપર કરવામાં આવશે. જે અન્વયે વલસાડ જિલ્લાના કપરાડા, પારડી, સંજાણ, ધરમપુર અને વલસાડ તાલુકાના ગોડાઉન ખાતે ખરીદ કેન્દ્રોશિરૂ કરવામાં આવશે. કેન્દ્રડ સરકાર દ્વારા ડાંગર માટે (કોમન) લઘુત્તમ ટેકાનો ભાવ રૂા.૧૭૫૦/- પ્રતિ કિવન્ટ.લ અને ડાંગર ગ્રેડ-એ માટે રૂા.૧૭૭૦/- પ્રતિ કિવન્ટલલ નિયત કર્યો છે. લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છયતા ધરાવતા ખેડૂતોએ http://pds.gujarat.gov.in ઉપર ઓનલાઈન નોંધણી કરાવવા માટે જિલ્લા કચેરી કે નિગમના સ્થાનિક તાલુકા ગોડાઉન કેન્દ્રો નો સંપર્ક કરવા જિલ્લા પુરવઠા અધિકારી વલસાડ દ્વારા જણાવાયું છે.

### જીએફએસયુ, ગાંધીનગર ખાતે

# અડોપ્શાન, પ્રમોશન અને પ્રોડકશન ઓફ MOOCS કોર્સીસ ફોર સ્વયં પ્લેટફોર્મ વિષયક કાર્યશાળા યોજાઈ



(માહિતી બ્યુરો), ગાંધીનગર.તા.૧૨

કેન્દ્ર સરકારના ઓનલાઈન કોર્સીસ માટેના સ્વય(SWAYAM) પોર્ટલના માધ્યમથી ઉચ્ચ શિક્ષણના લક્ષ્યાંકને વધુ ઝડપે તેમજ સરળતાથી સિદ્ધ કરી શકાશે, તેમ ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે યોજાયેલ અડોપ્શન, પ્રમોશન એન્ડ પ્રોડેકશન ઓફ MOOCS કોર્સીસ ફોર સ્વયં પ્લેટફોર્મ વિષયક એક દિવસીય વર્કશોપને સંબોધતા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના સચિવ પ્રો. રજનીશ જૈને જણાવ્યું હતું.

પ્રો. રજનીશ જૈને કહ્યું હતુ કે, સ્વયં પ્લેટફોર્મ ઉપર દેશભરમાંથી ૪૦ લાખ વિદ્યાર્થીઓ વિવિધ કોર્સીસનો ઓન લાઈન લાભ લઈ રહ્યા છે. આ પ્લેટફોર્મ વિદ્યાર્થીની પોતાની અનુકુળતા સમય પ્રમાણે મુક્ત શિક્ષણ આપે છે. સ્વયંને વધુને વધુ ગુણવત્તા યુક્ત બનાવીને તેને માત્ર ભારતમાં જ નહી પણ વૈશ્વિક કક્ષાએ નામના અપાવવાની છે તેના માટે આપણે સૌએ અભ્યાસની સાથે સતત અપડેટ રહેવું પડશે. સ્વયં પ્લેટફોર્મ સમયની જરૂરિયાત મુજબ કોર્સીસમાં બદલાવ કરી રહ્યું છે, જેનો મહત્તમ લાભ વિદ્યાર્થીઓને મળશે. દેશની તમામ યુનિવર્સિટીઓ, કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ સ્વયં પ્લેટ ફોર્મ દ્વારા મહત્તમ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે પ્રેરિત કરે તેવો અનુરોધ પણ જૈને આ પ્રસંગે કર્યો હતો.

યુ.જી.સી.ના અધિક સચિવ ડૉ. પંકજ મિત્તલે ઓન લાઈન કોર્સ પોર્ટલ સ્વયં વિશે વિગતો આપતાં કહ્યું હતું કે, કોઈપણ વ્યક્તિ કોઈપણ સમયે વિવિધ કોર્સીસ માટેનું કેન્દ્ર સરકારના આ સ્વયં પ્લેટ ફોર્મનો ઉપયોગ કરી શિક્ષણ મેળવી શકે છે. સ્વયં નામની ઈ-પાઠશાળામાં ૨૨,૦૦૦ થી વધુ મોડ્યુલ્સ, ૭૦ જેટલા વિષયો અને ૭૨૩થી વધુ સંશોધન પત્રો ઉપલબ્ધ છે. જેનો ભારતભરના ૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ ઓન લાઈન લાભ લઈ રહ્યા છે. આ સ્વયં પોર્ટલ ઉપર ભારતના શ્રેષ્ઠ પ્રોફેસરો માર્ગદર્શન માટે ઉપલબ્ધ હોય છે. જેમના જ્ઞાનનો મહત્તમ લાભ લેવા મિત્તાલે ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો.

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના ડાયરેકટર જનરલ ડૉ. જે.એમ.વ્યાસે આ પ્રસંગે ફોરેન્સિક યુનિવર્સિટીની વર્ષ-૨૦૦૯થી સ્થાપનાથી અત્યાર સુધીની પ્રગતિની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીએ આજે ગુના શોધક ક્ષેત્રે વિશ્વમાં એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. ગુના શોધક ક્ષેત્રે સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી. કક્ષાના વિવિધ કોર્સીસ યુનિવર્સિટીમાં ચાલી રહ્યા છે. માત્ર ગુજરાત અને ભારત જ નહી પણ વિશ્વના અનેક દેશોના વિદ્યાર્થીઓએ આ કોર્સીસનો લાભ લીધો છે. આજના આ એક દિવસીય વર્કશોપમાં યોજાનાર વિવિધ ટેકનિકલ વિષયોનો મહત્તમ લાભ લેવા પણ ડૉ. વ્યાસે આહવાન કર્યુ હતું.

યુ.જી.સી. અને માનવ સંશાધન વિકાસ મંત્રાલય(MHRD)ના સંયુકત ઉપક્રમે આયોજિત એક દિવસીય વર્કશોપમાં સ્વયંના ડાયરેકટર ડૉ. જગદીશ અરોરા, MHRDના સલાહકાર પરમેશ્વરમ્ એન. તેમજ વેસ્ટર્ન રીજિયોનલ ઓફિસના સંયુકત સચિવ ડૉ. ગોપુકુમારની અધ્યક્ષતામાં ટેકનિકલ સેશન અને પ્રશ્નમંચનું આયોજન કરાયું હતું. વર્કશોપમાં બાંગ્લાદેશ, મ્યાનમાર, ગોવા, મહારાષ્ટ્ર અને ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓના ઉપકુલપતિ, ડાયરેકટર, પ્રિન્સીપલ, ફેકલ્ટી, સ્વયંના કો-ઓર્ડિનેટર્સ સહિત વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### આયાત ડ્યુટીમાં વધારો કરાતા ચીજો મોંઘી થશે

# મોબાઈલ, એસી, ફ્રિજ અને જ્વેલરી વધુ મોંઘી બની જશે

ગાંધીનગર, તા.૧૨

સપ્ટેમ્બર મહિનામાં ૧૯ ચીજવસ્તુઓની આયાત ડ્યુટી વધારી દેવામાં આવ્યા બાદ સરકારે કેટલાક ટેલિકોમ સાધનો ઉપર ડ્યુટીમાં વધારો કરી દીધો છે જેના પરિણામ સ્વરુપે ઘણી બધી ચીજો વધુ મોંઘી થશે. ખાતાકીય ખાધને ઘટાડી દેવાના હેતુસર સરકારે આયાત ડ્યુટીમાં વધારો કર્યો છે. આયાત ડ્યુટી વધી જવાથી કિંમતો વધશે. અલબત્ત આયાત ઘટવાથી સ્થાનિક નિર્માતાઓને ફાયદો થશે. ડોલર સામે રૂપિયાને કાબૂમાં લેવાની હિલચાલ તરીકે પણ આને જોવામાં આવે છે. બેઝ સ્ટેશન, ઓપ્ટીકલ ટ્રાન્સપોર્ટ સાધનો, સ્વિચ અને આઈપી રેડિયો જેવી ચીજવસ્તુઓ ઉપર આયાત ડ્યુટી ૧૦ ટકાથી વધારીને ૨૦ ટકા કરી દેવામાં આવી છે. મધર બોર્ડ પર આયાત ડ્યુટી વધારી દેવામાં આવી છે જેના પરિણામ સ્વરુપે મોબાઈલ ફોન વધુ મોંઘા થશે. બંને ચીજો ઉપર આયાત ડ્યુટી ૧૦ ટકાથી વધારીને ૨૦ ટકા કરવામાં આવી છે. એટલે કે એસી અને રેફ્રિજરેટર પર ડ્યુટીમાં વધારો કરાયો છે. જો કે, એસીની કિંમતોમાં વધારે ફેરફાર કરવામાં આવનાર નથી. ૧૦ કિલોથી ઓછાની ક્ષમતાવાળી વોશિંગ મશીન ઉપર આયાત ડ્યુટી ૧૦ ટકાથી વધારીને ૨૦ ટકા કરી દેવાઈ છે જેના પરિણામ સ્વરુપે વોશિંગ મશીનની કિંમતોમાં વધારો થશે. આ ઉપરાંત એવિએશન ટર્બાઈન ફ્યુઅલ પર પ્સરકારે પાંચ ટકા આયાત ડ્યુટી લાગૂ કરી છે જેના પરિણામ સ્વરુપે વિમાની યાત્રા મોંઘી થશે. જો કે, સરકારે જેટ ફ્યુઅલ ઉપર એક્સાઈઝ ડ્યુટી ઘટાડીને ૧૧ ટકા કરી છે જે પહેલા ૧૪ ટકા હતી. આનાથી યાત્રીઓને રાહત મળી શકે છે. કિંમતી ચીજો અને જ્વેલરીની ચીજો ઉપર ડ્યુટી ૧૫ ટકાથી વધારીને ૨૦ ટકા કરી દેવામાં આવી છે જેના લીધે જ્વેલરીની કિંમતોમાં વધારો જોવા મળી રહ્યો છે. આગામી દિવસોમાં અન્ય ચીજવસ્તુઓની કિંમતો વધવાના પણ સંકેતો દેખાઈ રહ્યા છે.

### ગીર પંથકમાં સિંહો પર ખતરો સંપૂર્ણ ટળ્યો નથી

# ૨૧ સિંહ ઘાતક વાઈરસથી ગ્રસ્ત : જરૂરી સારવાર જારી



અમદાવાદ, તા.૧૨

ગીરપંથકમાં ૨૩ સિંહોના મોત પછી ગીરમાં રહેતા બીજી સિંહો પરથી હજુ ખતરો ટળ્યો નથી. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના રિપોર્ટમાં બીજા ૨૧ સિંહોમાં ઘાતક વાયરસના લક્ષણો હોવાનું અને તેઓ ખતરા હેઠળ હોવાનું સામે આવતાં રાજય સરકાર અને વનવિભાગની ચિંતા ફરી વધી છે. જેના કારણ હવે વનવિભાગના અધિકારીઓ અને નિષ્ણાત તબીબોએ આ ૨૧ સિંહોના રક્ષણ અને તેમને બચાવવા માટેની સારવાર યુધ્ધના ધોરણે શરૂ કરી છે. સાથે સાથે વનવિભાગ અને નિષ્ણાત ટીમો દ્વારા અન્ય સિંહોની પણ તપાસ કરી તેમના સ્વાસ્થ્ય સંબંધી ખાતરી કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. ગીરના સિંહોના કેનાઈન ડિસ્ટેમ્પર વાઈરસ (સીડીવી)થી મોત નોંધાયા છે. એ પછી બીજા સિંહોની તપાસ કરવા માટે ૨૭ સિંહોના સેમ્પલ આઈસીએમઆર પાસે મોકલાયા હતા. તેમાંથી ૨૧ સિંહમાં સીડીવી હોવાનું જાણવા મળ્યું છે. સિંહોનો જીવ લઈ લેતો આ રોગ ઘાતક છે અને ગુજરાતનો વન વિભાગ તેમા સાવ ઉંઘતો ઝડપાયો હતો. વાઈરસ જોવા મળવાનો મતલબ એવો થાય કે હજુ પણ બીજા સિંહોમાં તેનો ફેલાવો થઈ રહ્યો છે: વાઈરસ હવાથી ફેલાતો રહે છે. ગીરના જંગલમાં ૩ સપ્તાહના ટૂંકા ગાળામાં ૨૩ સિંહના મોત થયા પછી હવે સરકાર વિવિધ દિશામાં તપાસ અને કાર્યવાહી કરી રહી છે. શરૂઆતમાં સરકારે સિંહોના મોત ઈન-ફાઈટથી થયા હોવાની વાત કરી હતી. બાદમાં તપાસ કરતા જણાયુ હતુ કે સિંહ સહિતના પ્રાણીઓમાં જોવા મળતો કેનાઈન ડિસ્ટેમ્બર નામનો ઘાતક રોગચાળો સિંહોને લાગુ પડયો છે. આફ્રિકાના જંગલોમાં આ રોગચાળાએ મોટી સંખ્યામાં સિંહોની વસતીનો સફાયો કર્યો છે. સીડીવી આસાનીથી રોકી શકાતો નથી, ફેલાતો અટકાવી શકાતો નથી. માટે સિંહોના મોત અટકાવવા એ મોટો પડકાર બની રહે છે. આઈસીએમઆરના રિપોર્ટમાં સ્પષ્ટ કહેવાયુ છે કે ૨૧ સિંહમાં વાઈરસ જોવા મળ્યો તેનો મતલબ એવો થાય કે વાઈરસનો ફેલાવો ચાલુ જ છે.

શક્ય છે કે ગીરના બીજા સિંહો સુધી પણ એ વાઈરસ પહોંચ્યો હોય. અલબત્ત, એ માટે જંગલખાતુ અને સરકારના અન્ય વિભાગો બાકીના સિંહની તપાસ કરી રહ્યા છે. પરંતુ રિપોર્ટમાં ભલામણ કરવામાં આવી છે સિંહોની સલામતી માટે તેને હાલ પૂરતા તો ગીરમાંથી ખસેડવા જોઈએ. કેમ કે આ વાઈરસ હવાથી અને બીજી ઘણી રીતે ફેલાઈ શકે છે. જોકે ગુજરાત સરકારે સિંહોને ક્યાંય લઈ જવાની હાલ તો ના કહી દીધી છે.

### નવા રિપોર્ટમાં ચોંકાવનારા ખુલાસા બાદથી સરકાર અને વનવિભાગ ફરી ચિંતામાં : સાવચેતીના તમામ પગલાઓ

### વિવાદ બાદ સરકાર દ્વારા અતિમહત્વનો નિર્ણય

# સાબરકાંઠા-સુરત દુષ્કર્મ કેસ માટે ફાસ્ટટ્રેક કોર્ટની રચના

અમદાવાદ,તા.૧૨

રાજયના સાબરકાંઠાના ઢુંઢરના એક દુષ્કર્મ કેસ અને સુરતમાં નાની બાળાઓ પર દુષ્કર્મના બે કેસો માટે આખરે ભારે વિવાદ અને રાજયવ્યાપી ચકચાર બાદ આખરે રાજય સરકાર દ્વારા આરોપીઓને તાત્કાલિક સજા કરાવવા અને પીડિત પરિવારોને ઝડપી ન્યાય અપાવવાના હેતુસર ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવી છે. એટલું જ નહી, આ ત્રણેય સંવેદનશીલ અને ચકચારભર્યા કેસોના ઝડપી ટ્રાયલ ચલાવવા ખાસ ફાસ્ટટ્રેક જજની નિમણૂંક પણ કરી દેવામાં આવી છે. ઉપરોકત દુષ્કર્મ કેસોની ગંભીરતા ધ્યાને લઇ ગુજરાત હાઈકોર્ટે આ મામલે જારી કરેલા જાહેરનામા અનુસાર, સાબરકાંઠાની ઘટનામાં ફાસ્ટટ્રેક કોર્ટ જજ તરીકે સાબરકાંઠા જિલ્લાના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ કે.બી.ગુજરાથી અને સુરતના બે દુષ્કર્મ કેસોમાં ફાસ્ટટ્રેક જજ તરીકે સુરત જિલ્લાના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ આર.કે.દેસાઈની નિમણૂંક કરવામાં આવી છે. સાબરકાંઠા અને સુરતના દુષ્કર્મ કેસોમાં ઝડપી સુનાવણી અને ગુનેગારોને સખતમાં સખત સજા કરાવવા માટે પીડિત પરિવારો પ્રત્યે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા સંવેદનાસ્પર્શી અભિગમ દાખવી તાત્કાલિક અસરથી ખાસ કિસ્સામાં ફાસ્ટટ્રેક કોર્ટની રચના માટેનો નિર્ણય લેવાયો હતો. મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, રાજય સરકાર દુષ્કર્મનો ભોગ બનેલી દિકરીઓના પરિવારો પ્રત્યે સંપૂર્ણ સંવેદના સાથે પડખે ઉભી છે અને ગુનેગારોને કાયદા અનુસાર કડક સજા થાય તથા પીડિત પરિવારોને ન્યાય મળે તે માટે કટિબધ્ધ છે. બીજીબાજુ, રાજય સરકાર દ્વારા આ ત્રણ દુષ્કર્મ કેસો માટે તાત્કાલિક અસરથી ફાસ્ટટ્રેક કોર્ટની અને ફાસ્ટટ્રેક જજોની નિમણૂંક કરી દેવાતાં પીડિત પરિવારને હવે ઝડપી અને અસરકારક ન્યાય મળવાની આશા બળવત્તર બની છે.

### સાબરકાંઠાના એક, સુરતના બે દુષ્કર્મ કેસ માટે ફાસ્ટટ્રેક કોર્ટ માટે ફાસ્ટટ્રેક જજની પણ નિમણૂંક કરવામાં આવી

# ગુજરાતમાં ત્રણ દીવાદાંડીને પ્રવાસન હેતુથી વિકસાવવામાં આવશે : મનસુખભાઈ માંડવિયા

અમદાવાદ, ૧૨

પ્રવાસન ઉદ્યોગને વેગ મળે તથા તેના દ્વારા સ્થાનિક રોજગારીમાં વધારો થાય તેવા ઉમદા હેતુથી ભારત સરકાર દ્વારા ગુજરાતમાં આવેલ જુદી જુદી ત્રણ દીવાદાંડીનો પ્રવાસન હેતુ માટે વિકાસ કરવામાં આવશે.

દ્વારકા ખાતે ૪૩ મીટર ચાઈની દીવાદાંડી, વેરાવળ ખાતે ૩૦ ચાઈની દીવાદાંડી તથા ગોપનાથ ખાતે ૪૦ મીટર ચાઈની દીવાંદાડી આવેલ છે. આ સ્થળો પ્રવાસન માટે પ્રસિદ્ધ છે જેથી અહી આવતા યાત્રીઓ દીવાદાંડીની પણ મુલાકાત લઈ શકે તે હેતુથી આ દીવાદાંડીઓને પ્રવાસન હેતુથી વિકસાવવાનો ભારત સરકાર દ્વારા નિર્ણય કરેલ છે.

આ દીવાદાંડીમાં મુલાકાતી રૂમ, માહિતી માટે વિશેષ ડેસ્ક, મેરીટાઈમ અને સ્થાનિક ઈતિહાસ દર્શાવતા એલઈડી, ફાઉન્ટેન, દરિયાકાંઠે વોક-વે, લેન્ડસ્કેપિંગ, ટોઈલેટ બ્લોક, બેસવા માટેની સુંદર વ્યવસ્થા ભી કરીને આકર્ષણનું કેન્દ્ર બનાવવામાં આવશે.

આ સાથે અલંગના જહાજ ઉદ્યોગને મદદરૂપ થવા ભારત સરકાર દ્વારા રૂપિયા ૨૧૫ કરોડના ભંડોળની ફાળવણી કરવામાં આવશે. અલંગ શિપ રિસાઈકલિંગ યાર્ડનું વર્ષોથી જમા થયેલ ફેરસ ભંડોળ ફાળવવામાં આવ્યું નહોતું જેથી તાજેતરમાં સરકાર દ્વારા આ ફેરસ ભંડોળ ફાળવવાનો નિર્ણય કરેલ છે. કેન્દ્રમાં જયારથી નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી તરીકે કાર્યરત થયા છે ત્યારથી અલંગ શિપ રિસાઈકલિંગ યાર્ડનેં ગ્રીન શીપ રીસાયકલ યાર્ડ તરીકે વિકસાવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. અલંગ શિપ રિસાઈકલિંગ યાર્ડને વિશ્વકક્ષાનું ઈકો ફ્રેન્ડલી શીપ રીસાયકલ યાર્ડ બને તથા વિશ્વની તમામ પ્રકારની શીપનું રીસાયકલીગ થાય તે માટે સુવિધાઓ વિક્સાવવામાં આવી રહી છે. આગામી સમયમાં નેવીના શીપનું પણ અલગ ખાતે રીસાયકલીંગ થાય તે મુજબની સુવિધાનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.અલંગ શિપ રિસાઈકલિંગ યાર્ડને ફાળવામાં આવેલ ફેરસ ભંડોળના ઉપયોગથી ગુજરાત મેરીટાઈમ બોર્ડ તથા અલંગ શિપ રિસાઈકલિંગ યાર્ડ એસોસિએશન દ્વારા અલંગ શીપ બ્રેકીગ યાર્ડનાં વિકાસ માટે જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે જેમાં અલંગ યાર્ડમાં કાર્યરત પ્લોટ ધારક/કંપનીને ISO સર્ટીફીકેશન મેળવવામાં સહાય, પ્લોટ ધારકો/કંપનીને પ્લોટમાં પાકુ ફ્લોરીંગ બનાવવા સહાય, સમગ્ર અલંગ શીપ બ્રેકીગ યાર્ડમાં અગ્નિશામક પાણી લાઈન, યાર્ડમાં ન્ભ્ગ/ધ્ફગ?? પાઈપલાઈન, અલંગ શીપ બ્રેકીગ યાર્ડને બાઉન્ડ્રી વોલ તથા સર્વિસ રોડ, સમગ્ર શીપ-બ્રેકીગ યાર્ડમાં ગટર લાઈન તથા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, નાઈટ વિઝન સાથેના ડીજીટલ સિક્યોરીટી કેમેરા, અકસ્માતે મૃત્યુ પામતા કામદારને રૂ. ૫ લાખ સુધીની સહાય, અકસ્માતે કાયમી અપંગતા પામતા મજૂરોને રૂ. ૨.૫૦ લાખ સુધીની સહાય, લેબર હાઉસીંગ કોલોની, મજૂરો માટે યુનિવર્સલ આઈડેન્ટિટી કાર્ડ સાથે સલામતી વ્યવસ્થા, અલંગ પર ઐતિહાસિક ડોક્યુમેન્ટ્રી ફિલ્મ, મજૂર તાલીમના મોડ્યુલનું આધુનિકરણ, મજૂરો માટે કામદાર હોસ્પિટલનાં નિર્માણમાં સહાય વિગેરે કાર્યો આ ફેરેસ ભંડોળમાંથી હાથ ધરવા ભારત સરકારનાં શીપીગ મંત્રાલય દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

### સાયબર ક્રાઈમ સેલ દ્વારા હજુ સુધી ૩૪ની ધરપકડ કરાઈ

# પરપ્રાંતિયોને ધમકી સંદર્ભે વધુ ૧૦ ઝડપાયા : ધરપકડનો દોર

અમદાવાદ, તા.૧૨

સાબરકાંઠાના ઢુંઢર ગામે બાળકી પર પરપ્રાંતીય યુવક દ્વારા કરાયેલા દુષ્કર્મ બાદ અમદાવાદ જિલ્લામાં પરપ્રાંતીયોને કાઢી મૂકવા માટે સોશિયલ મીડિયા પર મેસેજ અને કંપનીઓમાં જઈ ધમકી આપવાની ઘટનાઓ વધી રહી છે ત્યારે સોશ્યલ મીડિયામાં વાયરલ મેસેજ મારફતે પરપ્રાંતીયોને માર મારવાની વધુ એક ધમકીના કિસ્સામાં શહેરના સાયબર ક્રાઈમ સેલ દ્વારા આજે ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે જ સાયબર ક્રાઈમ સેલ દ્વારા પરપ્રાંતીયોને ધમકીના પ્રકરણમાં અત્યારસુધીમાં ૩૪ આરોપીઓની ધરપકડ કરી છે. સાયબર ક્રાઈમ દ્વારા આ સમગ્ર મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા પણ સોશિયલ મીડિયામાં અફવા ફેલાવનાર તેમજ સોશ્યલ મીડિયામાં પરપ્રાંતીયોને ધમકી આપવાના પ્રકરણમાં વધુ બે ગુના દાખલ કરાયા હતા અને કુલ ૧૨ શખ્સોની ધરપકડ કરતાં ભારે ચકચાર મચી ગઈ હતી. ગ્રામ્ય વિસ્તારોમાં આ પ્રકારની ઘટનાઓ વધી રહી હોવાથી ગ્રામ્ય પોલીસે સમગ્ર પંથકમાં પેટ્રોલીંગ અને તપાસનો દોર તેજ બનાવ્યો છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લાના બગોદરા ગામમાં રહેતા જિજ્ઞેશ જાદવ, સુરેશ રાવલ, જગમાલ ઠાકોર સહિતના લોકોએ જય ગજાનંદ નામના એક વોટ્સએપ ગ્રૂપમાં મેસેજ ફરતો કર્યો હતો, જેમાં લખ્યું હતું કે ધોળી ગામ જીઆઈડીસીમાં એક હજાર કદવાઓને બહાર કાઢો તો એક હજાર ગુજરાતીના છોકરા નોકરીએ લાગી જાય. આવો મેસેજ વાઈરલ કરવામાં આવ્યો હતો. જે બાબતે બગોદરા પોલીસને જાણ થતાં પોલીસે તપાસ કરી હતી અને કુલ છ શખ્સને સોશિયલ મીડિયામાં આવા વર્ગ વિગ્રહ ફેલાય તેવા ઉશ્કેરણીજનક મેસેજ ફોરવર્ડ કરતાં તેઓની વિરુદ્ધમાં ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરી હતી. ઉપરાંત સોશિયલ મીડિયામાં પરપ્રાંતીયને નોકરીમાંથી કાઢી મૂકવા અને ભગાડવા માટેના મેસેજ તેમજ વીડિયો સંદર્ભે બાવળા પોલીસને એક વીડિયો મળ્યો હતો, જેમાં ૨૦થી ૨૫ લોકોનું ટોળું લાકડી અને હથિયારો સાથે એક ફેક્ટરી પર જઈ મજૂરોને ધાક-ધમકીઓ આપી ફેક્ટરી છોડી દેવા ધમકી આપતા હતા. બાવળા પોલીસે તપાસ કરતાં રાણેસર ગામની સીમમાં આવેલ અગ્રવાલ ટીએમટી ઈન્ડસ્ટ્રીઝની નામની કંપનીનો વીડિયો હોવાનું સામે આવ્યું હતું. ત્યાં જઈ પોલીસે ફેક્ટરીના અધિકારીઓ સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું હતું કે, તા.૬ ઓક્ટોબરના રોજ રાણેસર ગામમાં રહેતા ચેહુભાઈ કોળી પટેલની આગેવાનીમાં ૨૦થી ૨૫ લોકોનું ટોળું કંપનીમાં આવ્યું હતું અને હાજર સ્ટાફને ગાળાગાળી કરી ફેક્ટરી છોડી જવા ધમકી આપી હતી. અમદાવાદ ગ્રામ્ય પોલીસના સપાટા બાદ આજે અમદાવાદ શહેર ક્રાઇમબ્રાંચના સાયબર સેલ હરકતમાં આવ્યું હતું અને સોશ્યલ મીડિયામાં આ પ્રકારે પરપ્રાંતીયોને માર મારવાની ધમકી આપવાના વધુ એક કેસમાં ૧૦ આરોપીઓની ધરપકડ કરી હતી. આ સાથે જ કુલ ધરપકડનો આંક ૩૪ ઉપર પહોંચ્યો હતો.

### પરપ્રાંતિયોમાં વિશ્વાસ પુન: સ્થાપિત કરવા બનતા તમામ પ્રયાસો : પેટ્રોલિંગ તેમજ તપાસનો દોર યથાવતરીતે જારી : મેસેજો ઉપર અંકુશ મુકવાની જરૂર

### ચાર્જશીટ નહીં ત્યાં સુધી વિસ્તારમાં પ્રવેશ નહી

# હુમલા કેસમાં ૩૦ આરોપીના જામીન મંજૂર કરવામાં આવશે

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ શહેરમાં સાબરમતી રિવરફ્રન્ટ પર પરપ્રાંતીયો પર હુમલાના ચકચારભર્યા કેસમાં પકડાયેલ પાંચ મહિલાઓ સહિત કુલ ૩૦ આરોપીઓને આજે સેશન્સ કોર્ટે જામીન આપ્યા હતા પરંતુ કોર્ટે આરોપીઓ માટે બહુ મહત્વની આકરી શરત લાદી હતી કે, જયાં સુધી આ કેસમાં પોલીસ દ્વારા ચાર્જશીટ દાખલ ના થાય ત્યાં સુધી આરોપીઓએ સંબંધિત પોલીસમથકમાં હાજરી પૂર્યા સિવાય તેમના વિસ્તારમાં પ્રવેશ કરવો નહી. કોર્ટે તમામ આરોપીઓને રૂ.૧૫ હજારના શરતી જામીન આપ્યા હતા. રિવરફ્રન્ટ પશ્ચિમ પોલીસમથકમાં નોંધાયેલી ફરિયાદની વિગતો મુજબ, મહાલક્ષ્મી મંદિર અને પશ્ચિમ તરફના રિવરફ્રન્ટની ચાલીમાં રહેતા પરપ્રાંતીય પરિવારો પર તા.૫મી ઓકટોબરે ૬૦થી ૭૦ લોકોના ટોળાએ ઘાતક હથિયારો વડે હુમલો કર્યો હતો. જેમાં કેટલાક લોકોની ઘરવખરી અને માલ-સામાનને નુકસાન થયું હતું તો, આ બનાવ દરમ્યાન રૂ.૩૦ હજારની લૂંટ પણ થઇ હતી. આ કેસમાં ૨૧ આરોપીઓની પોલીસે ધરપકડ કરી હતી. દરમ્યાન આરોપીઓ દ્વારા કરાયેલી જામીનઅરજીનો મુખ્ય સરકારી વકીલ સુધીર બી.બ્રહ્મભટ્ટ દ્વારા વિરોધ કરાયો હતો કે, અરજદારો પરપ્રાંતીયો પર હુમલાના ગંભીર અને સંવેદનશીલ કેસમાં સંડોવાયેલા છે. હાલ અમદાવાદ શહેર સહિત રાજયભરમાં પરપ્રાંતીયો પર હુમલા, ધમકી અને હિંસાના કેસો વધી રહ્યા છે અને તેના કારણે સમાજમાં કોમી વૈમનસ્ય અને સામાજિક ખાઈનું વાતાવરણ પેદા થયું છે જે ઘણું ગંભીર કહી શકાય. આરોપીઓ પાસેથી પરપ્રાંતીયો પર હુમલા બાદ હાથ ધરાયેલી તપાસમાં પોલીસે લાકડી, પાઈપ સહિતના હથિયારો અને મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. આવા સમાજવિરોધી ગુનામાં કોર્ટે આરોપીઓના ગુનાની ગંભીરતા ધ્યાને લઇ તેમના જામીન ફગાવી દેવા જોઇએ. કોર્ટે આરોપીઓના શરતી જામીન મંજૂર કર્યા હતા પરંતુ બહુ મહત્વની કહી શકાય તેવી આકરી શરત આરોપીઓ પર એ લાદી હતી કે, તમામ આરોપીઓએ આ કેસમાં પોલીસ દ્વારા જયાં સુધી કોર્ટમાં ચાર્જશીટ દાખલ ના કરાય ત્યાં સુધી તેમના પોલીસમથક વિસ્તારમાં પોલીસ સ્ટેશનમાં હાજરી પૂર્યા સિવાય પ્રવેશ કરવો નહી. જો જામીનની શરતોનો ભંગ થશે તો સરકારપક્ષ આરોપીઓના જામીન રદ કરવાની કાર્યવાહી કરી શકશે.

### કોર્ટે સૌપ્રથમવાર પરપ્રાંતીય પર હુમલાના કેસમાં જામીન મંજૂર કરતી વખતે આરોપીઓ ઉપર આકરી શરતો લાદી

### ભાજપા સરકારમાં પ્રજાનો અવાજ સંભળાય અને તેમના

# હક્ક-અધિકાર માટે કોંગ્રેસ દ્વારા ‘લોક સરકાર’ મોબાઈલ એપ્લીકેશનને લોન્ચ કરી

ગાંધીનગર,તા.૧૨

રાજ્યમાં ૨૩ વર્ષથી ભય, ભ્રમ, ભ્રષ્ટાચાર અને ધૃણાની રાજનીતિ કરી સત્તામાં રહીને સતત પ્રજાને અન્યાય કરનાર ભાજપા સરકારમાં પ્રજાનો અવાજ સંભળાય અને તેમના હક્ક-અધિકાર માટે કોંગ્રેસ પક્ષ દ્વારા રાજીવ ગાંધી ભવન ખાતે "“લોક સરકાર મોબાઈલ એપ્લીકેશનને લોન્ચ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપના ૨૩ વર્ષના શાસનમાં પ્રજા આજે ત્રસ્ત થઈ ચુકી છે. જેમાં પણ સરકારના અલગ અલગ વિભાગો હોવા છતાં આજે લોકોને પોતાની ફરિયાદ ક્યાં કરવી તેની કોઈ જાણકારી નથી. તેમજ રાજ્યની આ અસંવેદનશીલ સરકાર માટે લોકપ્રશ્નો ગૌણ બન્યા છે. તેમજ લોકોની સમસ્યાની ગુંજ પણ તેના બહેરા કાને અથડાતી નથી. આ સરકારના શાસનમાં પ્રજાનો અવાજ બુલંદ થવાને બદલે દબાયો છે. તેમજ જો લોકો જેમ તેમ કરીને ફરિયાદ કરી પણ લે તો તેનું શું થયું અને ફરિયાદનો નિકાલ ક્યારે થશે તેની કોઈ જ જાણકારી નથી.

લોક સરકાર મોબાઈલ એપ્લીકેશનને લોન્ચ કર્યા બાદ મોટી સંખ્યામાં ઉપસ્થિત સમગ્ર રાજ્યમાંથી આવેલા કોંગ્રેસ પક્ષના કાર્યકર-આગેવાનોને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે અમલમાં મુકેલો નાગરિક અધિકારપત્ર પણ માત્ર શોભાના ગાંઠીયા સમાન બન્યો છે. જેના લીધે ગુજરાતની પ્રજાને આજે તેની સમસ્યાના સમાધાન માટે માત્ર રઝળપાટ કરવાની નોબત આવે છે. રાજ્યમાં કરોડો રૂપિયાના ખર્ચથી સરકારની કામગીરી માટે તંત્ર કાર્યરત છે. પરંતુ તેના કેન્દ્ર લોકો નથી. જેના લીધે લોકોની સમસ્યા આજે પણ તેમની તેમ છે અને લોકોની સમસ્યામાં વધારો થયો છે. ગુજરાતના આ બધી લોક સમસ્યાને વાચા આપવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પક્ષ દ્વારા લોક સમસ્યાને સરકાર સુધી પહોંચાડવા માટે અને સરકારને લોકો પ્રત્યે જવાબદાર બનાવવા માટે "લોક સરકાર" ની શરુઆત કરવામાં આવશે. લોક સરકાર WWW.LOKSARKAR.IN વેબસાઈટના માધ્યમથી દ્વારા શરુ કરવામાં આવશે.લોક સરકાર મોબાઈલ એપ્લીકેશનને લોન્ચ કર્યા બાદ મોટી સંખ્યામાં ઉપસ્થિત સમગ્ર રાજ્યમાંથી આવેલા કોંગ્રેસ પક્ષના કાર્યકર-આગેવાનોને સંબોધન કરતાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, "લોક સરકાર "એટલે લોકો વતી,લોકો માટે ચાલતી લોકશાહી સરકાર. લોક સરકારનો ઉદ્દેશ લોક સમસ્યાને સરકાર સુધી પહોંચાડવા, લોક વેદનાને વાચા આપવા, સરકારને લોકો પ્રત્યે જવાબદાર બનાવવા, સરકારની નિષ્ફળતાઓને ઉજાગર કરવા, સરકારી યોજના લોકો સુધીથી સરળતાથી પહોંચાડવાનો છે. લોક સરકાર એક મોબાઈલ એપ્લીકેશનને તૈયાર કરનાર શ્રી રોહન ગુપ્તા અને તેમની ટેકનીકલ ટીમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. એ.આઈ.સી.સી.ના મીડિયા કોઓર્ડીનેટર રોહન ગુપ્તાએ જણાવ્યું હતું કે, "લોક સરકાર" નો ઉદ્દેશ એક વહીવટી સ્વરૂપમાં જનસેવાનો છે. જેમાં છેવાડાના માનવી સુધી જરૂરી તમામ સુવિધા પહોંચે તે છે."લોક સરકાર"નો મુખ્ય ઉદ્દેશ અને તેના અસ્તિત્વનનો આધાર જ જન સેવા છે. લોક સરકારમાં તાલુકો, જીલ્લો અને રાજ્ય ત્રિસ્તરીય માળખું હશે. તેવા સમયે લોક સરકાર લોકોની સમસ્યાના ઝડપી નિકાલ માટે મદદરૂપ બનશે. તેમજ ફરિયાદ કરનાર વ્યકિતને તેના આધારસ્વરૂપે પાવતી આપવામાં આવશે. લોક સરકાર આ તમામ સેવાઓ આપના દ્વારે WWW.LOKSARKAR.IN ના માધ્યમથી પહોંચાડશે. આ ઉપરાંત લોક સરકાર આપને મોબાઈલ માં પણ એપ સ્વરૂપે ઉપલબ્ધ થશે.લોક સરકાર મોબાઈલ એપ્લીકેશનને લોન્ચિંગ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી શૈલેશભાઈ પરમાર, હિંમતસિંહ પટેલ, શ્રીમતી ચંદ્રિકાબેન બારિયા, લલીતભાઈ વસોયા, પ્રદેશ કોંગ્રેસ સમિતિના પદાધિકારી ડૉ.જીતુભાઈ પટેલ, ડૉ.વિજય દવે, ડૉ.મનીષ દોશી, જયરાજસિંહ પરમાર, હિમાંશુ પટેલ, દિનેશ શર્મા, શશીકાંત પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર રાજ્યમાં વિવિધ જીલ્લાઓમાં પ્રજાલક્ષી કાર્યક્રમ લોક સરકારમાં જોડાઈને કોંગ્રેસ પક્ષ માટે કામગીરી કરવાનો ઉત્સાહ દેખાડનાર ૧૦૦૦ કરતાં વધુ કાર્યકર-આગેવાનો ઉપસ્થિત રહી નિષ્ઠાપૂર્વક કામ કરવાની પ્રતિબધ્ધતા જાહેર કરી હતી.

# કોંગ્રેસની રાષ્ટ્રપતિ શાસન નાંખનારી વાત એ “ચોર કોટવાલને દંડે” તેવી છે : ભરત પંડયા

ગાંધીનગર,તા.૧૨

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રવકતા ભરત પંડયાએ જણાવ્યું હતું કે, અફવા, અપપ્રચાર, અશાંતિ અને અરાજકતા ફેલાવનારી પાર્ટી એટલે કોંગ્રેસ. કોંગ્રેસે જ્ઞાતિવાદ, કોમવાદ ફેલાવવાના પ્રયાસ કર્યો હતો. હવે બીજા રાજ્યોમાં ચુંટણીઓ છે. કોંગ્રેસે પ્રાંતવાદ દ્વારા ગુજરાતને બદનામ કરવાનો કારસો રચ્યો હતો. પહેલાંકોંગ્રેસનાં ધારાસભ્યોએ હિંસા ફેલાય તેવા ભાષણો કર્યાં, કોંગ્રેસના લોકોએ સોશીયલ મિડીયામાં ઉશ્કેરણીજનક પોસ્ટ મુકી, હિંસાની ઘટનાઓમાં કોંગ્રેસના લોકો જ પકડાયાં એટલે કોંગ્રેસ ગુજરાતમાં વેરઝેર અને અશાંતિ ફેલાવવાના ષડયંત્રોમાં ખુલ્લી પડી ગઈ છે. જનતામાં કોંગ્રેસ પ્રત્યે ધિક્કારની લાગણી ઊભી થઈ છે. ત્યારે કોંગ્રેસના બિહારના પ્રભારીશ્રી શક્તિસિંહ ગોહિલે કોંગ્રેસના FaceSaving માટે અને ગુજરાતને બદનામ કરવા માટે દિલ્હી જઈને પ્રેસ કોન્ફરન્સ કરવી પડી છે. દેશની જનતાએકોંગ્રેસને કેન્દ્ર સરકાર અને ૧૬-૧૭ રાજ્યો માંથી હટાવી દીધી છે એટલે કોંગ્રેસને ભાજપનું નેતૃત્વ આંખના કણાંની જેમ ખૂંચે છે અને વારંવાર ગુજરાતને ટાર્ગેટ કરીને બદનામ કરે છે. પંડયાએ જણાવ્યું હતુંકે, કોંગ્રેસની રાષ્ટ્રપતિ શાસન નાંખનારી વાત એ “ચોર કોટવાલને દંડે” તેવી છે. વારંવાર બિનકોંગ્રેસી સરકારો પર રાષ્ટ્રપતિ શાસન નાંખનારી કોંગ્રસે લોકશાહી વિરૂદ્ધ વિકૃત માનસિકતા પ્રદર્શિત કરી છે. બીજીબાજૂ સત્તાવગર તડફડતી કોંગ્રેસ “સમાંતર સરકાર”ની હાસ્યાસ્પદ વાત કરી રહી છે. શક્તિસિંહે દિલ્હીની પત્રકાર પરીષદમાં પહેલાં કોંગ્રેસના ધારાસભ્યોની વિડીયો, સોશીયલ મિડીયાની પોસ્ટ, ધરપકડ થયેલાં કોંગ્રેસી નેતાઓના નામો આપવાની જરૂર હતી.

પંડયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસમાં જૂથબંધીની પરાકાષ્ઠા છે અને કોંગ્રેસના નેતાઓમાં તીવ્ર મતભેદો હોવાથી કોંગ્રેસના પ્રમુખ, વિપક્ષનેતા અને કોંગ્રેસના કેટલાંક ધારાસભ્યો મિડીયામાં વધુ દેખાવાની સ્પર્ધા ભાજપના નેતૃત્વ સામે જોરશોરથી ગાળાગાળી અને જૂઠ્ઠા આક્ષેપો લગાવી રહી છે.જયારે કોંગ્રેસ આ જ્ઞાતિવાદ, કોમવાદ અને હવે પ્રાંતવાદના ષડયંત્રો ખુલ્લા પડી ગયાં છે. ત્યારે આખી કોંગ્રેસ પાર્ટીને વિખેરી નાંખવી જોઈએ તેવી વાત મહાત્મા ગાંધીજીએ કરી હતી. તે સંપૂર્ણ સાચી પૂરવાર થઈ છે.કારણ કે, હવે ગુજરાતની જનતામાં વેરઝેર, અશાંતિ અને જ્ઞાતિવાદ, કોમવાદ અને પ્રાંતવાદના કોંગ્રેસના કારનામાઓ પછી ગુજરાતની જનતા માની રહી છે કે કોંગ્રેસ હવે વિપક્ષને પણ લાયક નથી.

શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, એક બાજૂ ભાજપ સરકાર સરદાર પટેલનું માન-સન્માન વધે. વિશ્વમાં સૌથી ૧૮૨ મીટર પ્રતિમાનું લોકાર્પણની તૈયારી દ્વારા ગુજરાતનું ગૌરવ વધે તે માટે પ્રયાસો કરી રહી છે. બીજીબાજૂ કોંગ્રેસ ગુજરાત બદનામ થાય તેવા પ્રયાસો કરે છે.એકબાજૂ સરદાર પટેલ પ્રતિમા, અનાવરણ પહેલાં ગુજરાતમાં તા.૨૦થી “એકતા યાત્રા” કાઢી રહી છે.

### લખતરના રાજવી પરિવારી હવેલીમાંથી ચોરી

# ૩૭૯ વર્ષ જૂની રાધાકૃષ્ણની પૌરાણિક મૂર્તિની ચોરી કરાઈ

અમદાવાદ, તા.૧૨

સુરેન્દ્રનગર જિલ્લાનાં લખતરનાં રાજવી પરિવારની દરબારગઢમાં આવેલી રણછોડરાયની હવેલીમાંથી ૩૭૯ વર્ષ જૂની રાધાકૃષ્ણની મૂર્તિ, અતિપૌરાણિક અને એન્ટિક મૂર્તિઓ સહિત રૂ. ૪૦ લાખનાં સોના-ચાંદીનાં વાસણનાં સામાનની ચોરી થતાં જબરદસ્ત ખળભળાટ મચી જવા પામ્યો છે. વહેલી સવારે પૂજા-અર્ચના કરવા માટે રાજવી પરિવારનાં સભ્યો ગયા ત્યારે ચોરી થઇ હોવાની જાણ થતાં ભારે ચકચાર મચી ગઇ હતી. જો કે આ ઘટનાની જાણ થતાં જ લખતર પોલીસ અને જિલ્લા એલસીબીની ટીમ ઘટનાસ્થળે દોડી ગયાં હતાં. પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. સુરેન્દ્રનગર જિલ્લાનાં લખતર સ્ટેટનાં દરબારગઢમાં રણછોડરાયજીની હવેલી આવેલી છે. હવેલીમાં રાધાકૃષ્ણ સાથે અન્ય દેવી-દેવતાઓની મૂર્તિની પરંપરાગત રાજવી પરિવાર પૂજા-અર્ચના કરે છે. ઉપરાંત અનેક અતિપૌરાણિક અને એન્ટિક મૂર્તિઓ મંદિરમાં રાખવામાં આવેલી છે. બુધવારે રાત્રે અજાણ્યા તસ્કરોએ દરબારગઢની દીવાલ કૂદી અંદર પ્રવેશ કર્યો હતો. કોઠાર રૂમનું તાળું તોડી અંદર પેટીમાં રાખેલી ચાવીનો ઝૂડો લઈને એક પછી એક તાળાં ખોલી મંદિરમાં રાખેલી ૩૭૯ વર્ષ જૂની રાધાકૃષ્ણની પંચધાતુની મૂર્તિની સાથે રઘુનાથજી, યમુનાજી, ઠાકોરજી સહિતની મૂર્તિ, તેમને ભોજન કરાવવા માટેનાં સોના-ચાંદીનાં વાસણો, સોનાની કંકાવટી, સોનાનો દડો સહિત સોના-ચાંદીની ૩૧ વસ્તુ મળીને કુલ રૂ. ૪૦ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતાં. વહેલી સવારે રાજવી પરિવારના સભ્ય જયારે પૂજા કરવા ગયા ત્યારે ચોરી થઇ હોવાની જાણ થઈ હતી. બનાવની જાણ થતાં જિલ્લા પોલીસવડા મનીન્દર પવાર સહિત સ્થાનિક પોલીસ અને એલસીબીનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આ સમગ્ર પ્રકરણમાં ડોગ સ્કવોડની મદદ પણ લેવામાં આવી હતી. ડોગ હવેલીથી નીકળ્યા બાદ લખતરનાં ગઢ સુધી આવીને અટકી ગયો હતો. આ પ્રાચીન મૂર્તિઓ સાથે એન્ટિક પીસની ચોરી થતાં જિલ્લાનું પોલીસતંત્ર દોડતું થઈ ગયું છે. આ ઘટના અંગે રાજવી પરિવારના હરપાલસિંહ ઉર્ફે હેપીદાદા ગજેન્દ્રસિંહ ઝાલાએ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. તસ્કરોએ હવેલીનાં મુખ્ય દરવાજાનું તાળું તોડી પેટીમાંથી ચાવી લઈને બાકીના દરવાજા ખોલ્યાં છે, જે જોતાં કોઇ જાણભેદુએ ચોરી કરી હોવાનું જણાતું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

**રાધાકૃષ્ણ મૂર્તિ ઉપરાંત અતિપૌરાણિક-એન્ટિક મૂર્તિઓ સહિત ૪૦ લાખનાં સોના-ચાંદીનાં વાસણની ચોરી કરાઈ**

# મોડાસા પ્રા. શિક્ષણ વિભાગમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર

અરવલ્લી,તા.૧૨

અરવલ્લી જિલ્લાનો પ્રાથમિક શિક્ષણ વિભાગ ભ્રષ્ટાચારના ભરડામાં હોવાની જિલ્લામાં ફરિયાદ ઉઠવા પામી છે. મળતી માહિતી અનુસાર પ્રાથમિક શિક્ષણ વિભાગમાં કેટલાક વહીવટી કર્મચારીઓ દ્વારા નાના મોટા કામો કઢાવવા માટે શિક્ષકોના ખિસ્સા ખંખેરવામાં આવી રહ્યા છે. શિક્ષકોના પેન્શનના કાગળો હોય કે સીસીસીની પરીક્ષાના રીવાઈઝ કેસની પુરવણી, ૯-૨૦-૩૧ના ઉચ્ચતર પગાર ધોરણના કેસો મંજૂર કરવા, એલ.ટી.સીના બીલો મંજૂર કરવાના હોય તો ભોગ ધરાવવો પડતો હોવાની કેટલાક શિક્ષકોએ હૈયાવરાળ ઠાલવી હતી. આ ઉપરાંત મરણ પામેલા શિક્ષકોને ઉચ્ચક નાણાંકીય સહાય માટે પણ કેટલાક વહીવટી કર્મચારીઓ રીતસરનું ઉઘરાણું કરી રહ્યા હોવાની પણ ફરિયાદ ઉઠી છે.

બાળકોને ભ્રષ્ટાચાર અને અસત્યથી દૂર રહી પ્રામાણિકતા કેળવવાના પાઠ ભણાવતા શિક્ષકોએ અને મજબુર થઈને વિપરીત આચરણ કરવું પડે અને પોતાના જ વિભાગના ભ્રષ્ટાચારનો ભોગ બનવું પડે ત્યારે તેમનો આત્મા કકડી ઉઠે છે. કેટલાક શિક્ષકોએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે અરવલ્લીના પ્રા.શિક્ષણ તંત્રમાં ભ્રષ્ટાચારે માઝા મુકી છે. વહીવટીય કામો માટે શિક્ષકો પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ જાય ત્યારે વચોટીયાઓ અને વહીવટી સ્ટાફ જાણે ડોળા ફાડીને જ બેઠો હોય તેમ ઉઘરાણા કરવાના શરૂ કરી દે છે. શિક્ષકોનું માન ન જળવાય તેવું ઉદ્ધત વર્તન પણ કરાતું હોવાની રાવ પણ ઉઠી છે. શિક્ષકોને ગ્રેડ, પેન્શન, સીસીસીના રીવાઈઝ કેસ સહિતના પુરવણી બીલો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાંથી લેવાના હોય છે. પરંતુ કેટલાક કર્મચારીઓ ટેબલ નીચે વહીવટ કરીને જ શિક્ષકોનાં પુરવણી બીલો પાસ કરાવી આપતા હોવાની ચર્ચાઓ થઈ રહી છે.

# શિક્ષકોને એલ.ટી.સી.ના બિલો મેળવવા ધક્કા ખાવા પડી રહ્યાં છે

અરવલ્લી,તા.૧૨

સરકાર દ્વારા શિક્ષકોને પ્રવાસ માટે એલ.ટી.સી.નો લાભ આપવામાં આવ્યો છે. જે શિક્ષક પ્રવાસ કરીને પરત આવે તો તેણે ટ્રાવેલીગના બીલો શિક્ષણકચેરીએ હિસાબી શાખામાં આપે બાદમાં તે બીલો મંજૂર થઈને નાણાં શિક્ષકને મળે છે. તેમાં પણ જિલ્લાના કેટલાય શિક્ષકોના બીલો અટવાયેલા છે જાણવા મળ્યા મુજબ જિલ્લાના એક તાલુકાના ૪૫ બીલો મહિનાઓથી પાસ થવાની રાહ જોઈ રહ્યા છે.

સરકારે સાતમા પગારપંચની ઘોષણા કરી દીધી છે પરંતુ બે વર્ષ બાદ પણ કેટલાક શિક્ષકોના ૭મા પગારપંચના સ્ટીકર અણઘડ વહીવટને કારણે આવ્યા ન હોવાથી મળતા લાભોથી શિક્ષકો વંચિત રહ્યા છે. કેટલાક શિક્ષકોને ૭મુ પગારપંચ ન મળતાં નામ ન આપવાની શરતે શિક્ષકોએ હૈયાવરાળ ઠાલવી હતી.

# ઉત્તર પ્રદેશના વેપારી પરિવાર દ્વારા સુરતના વેપારી સાથે ૨૭ લાખની ઠગાઈ

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

રૂપિયા ૨૭.૮૪ લાખની કિંમતના ડ્રેસ મટીરિયલ્સ ખરીદી પેમેન્ટ આપનાર યુ.પી.ના વેપારી પરિવાર સામે સુરત વેપારીએ મહિધરપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેસુ કેનાલ રોડ ડ્રીમ હેરીટેજ ખાતે રહેતા વેપારી સંજીવકુમાર શ્રીદેશરાજ તનેજાએ આરોપી ઈશાન રાકેશ મોંગા, રાકેશ મોંગા, વિશાલ મોંગા, પ્રિયંક મોંગા (સ્ટવ ફેક્ટરી નજીક, સારંગપુર, ઉત્તર પ્રદેશ) વિરુદ્ધ ફીરયાદ નોંધાવી હતી. આરોપીઓએ પોતે વેપારી હોવાનો વિશ્વાસ અપાવી ફરિયાદીની કુબેરજી હાઉસમાં આવેલી દુકાનમાંથી રૂા. ૨૭,૮૪, ૮૫૯ કિંમતના ડ્રેસ મટીરિયલ્સનો જથ્થો ખરીદી આજદિન સુધી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત -છેતરપિંડી કરી હતી. તેમજ પેમેન્ટના બદલામાં ફોન ઉપર ધમકીઓ આપતા હતા. બનાવ અંગે મહિધરપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

માલિક : સુરનિશા પબ્લિકેશન લિમિટેડ વતી, મુદ્રક-પ્રકાશક તંત્રી : નિશાબેન સુરેન્દ્રસિંહ રાજપુતે લક્ષ્મી ઓફસેટ ચામુંડા મંદિર પાસે, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદથી છપાવીને એફ-૪, વિશાલ કોમર્શિયલ સેન્ટર આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.